પ્રશ્નપુસ્તિકા શ્રેણી

# M

**LL01**

**This Question Booklet Contains 24 Printed Pages**
**આ પ્રશ્નપત્રમાં કુલ 24 છાપેલાં પાનાં છે.**

| | |
|---|---|
| સમય : 3 કલાક | Time : 3 Hours |
| કુલ પ્રશ્નો : 100 | Total Questions : 100 |
| કુલ ગુણ : 100 | Total Marks : 100 |

ઉમેદવારનો બેઠક નંબર: Roll no :

ઉમેદવારનો બેઠક ક્રમાંક :

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

**તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં**

(પુસ્તક વિના) - MCQ

**ઉમેદવારોને સૂચના :**

(1) આ કસોટીપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. પ્રશ્નની સાથે ચારેય વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. આ સાથે અલગ આપેલ ઉત્તરપત્ર (OMR SHEET)માં જ ઉત્તર આપવાના છે.

ઉદાહરણ તરીકે :

ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે ?

(A) સરદાર પટેલ (B) મહાત્મા ગાંધી

(C) સુભાષચંદ્ર બોઝ (D) વિનોબા ભાવે

ઉત્તરપત્ર (OMR SHEET)માં

Ⓐ ● Ⓒ Ⓓ

ઉપર્યુકત ઉદાહરણમાં જવાબ "B" છે. આથી "B"નું વર્તુળ કાળું (encode) કરેલ છે. વર્તુળ કાળું કરવા માટે કાળી અથવા વાદળી બોલપેન જ વાપરવી, પેન્સિલ કે સ્કેચપેન વાપરવી નહીં. ઉમેદવારોએ જવાબમાં "મહાત્મા ગાંધી" લખવું નહીં.

(2) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન ઉમેદવાર પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઈ છે.

(3) પ્રશ્નપત્ર ઉમેદવારને મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET) માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે.

(4) પ્રત્યેક સાચા જવાબદીઠ 1(એક) ગુણ મળવાપાત્ર થશે. આ વખતે બોર્ડ દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઈનસ પદ્ધતિ દાખલ કરવામાં આવી નથી.

(5) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિરીક્ષકની સહી કરાવી લેવી આવશ્યક છે. નિરીક્ષકની સહી વગરનું ઉત્તરપત્ર (OMR SHEET) તપાસવામાં આવશે નહીં.

(6) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(7) ઉત્તરપત્ર (OMR SHEET)ના પ્રમાણપત્રમાં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી હોવી ફરજિયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્રો (OMR SHEET) વાળા ઉમેદવારો ગેરલાયક ઠરશે. ઉમેદવારે પોતાની સહી સુવાચ્ય કરવાની રહેશે.

(8) આ પરીક્ષા "પુસ્તકો વિના" આપવાની છે, જેથી પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, ગાઈડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, પેજર, કેલ્ક્યુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(9) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(10) ઉમેદવારે વાદળી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી (White Ink), બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહીં

ઉમેદવારની સહી:______________________ ખંડ નિરીક્ષકની સહી:______________________

પરીક્ષા પૂરી થયા બાદ (OMR SHEET) ખંડ નિરીક્ષકને ખુલ્લું (કવરમાં મુકયા વગર) પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.

1. The more you read, ________.

(A) the better result you get.

(B) the good result you get.

(C) the best result you get.

(D) Both (A) and (B)

2. Select the most appropriate word having the nearest meaning:

Calamitous : ________

(A) Tragic

(B) Augment

(C) Predictable

(D) Remains

3. Find out wrong group of Synonyms :

(A) Consequence – Result

(B) Prison – Cell

(C) Prohibit – Forbid

(D) Floor – Flour

4. Which word is wrong for plural numbers :

(A) Geese

(B) Leafs

(C) Mice

(D) Wives

5. "He sold a new house." – change the voice :

(A) A new house has been sold by him.

(B) A new house is sold by him.

(C) A new house was sold by him.

(D) A new house is being sold by he.

6. Select the most appropriate reporting of the given dialogue :

He said to me, "Let's bunk today's last lecture and go for the film."

(A) He suggested me that we should bunk that day's last lecture and went for film.

(B) He proposed me bunk that day's last lecture and go for the film.

(C) He proposed to me that they should bunk that day's last lecture and go for the film.

(D) He proposed to me that we bunked that day's last lecture and went for the film.

7. My mother ________ coffee before I woke up.

(A) had made

(B) was making

(C) made

(D) makes

8. Mahatma Gandhi was born ________ 2nd October,1869.

(A) with

(B) at

(C) in

(D) on

9. Ami has been living in Telangana ________ the last ten years.

(A) since

(B) by

(C) for

(D) before

10. Nikunj ________ his lunch in the canteen last night.

(A) have

(B) had

(C) have taken

(D) had taken

નીચેનો ગદ્યખંડ વાંચી તેને આધારે પ્રશ્ન ક્રમાંક 11થી 15 માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

જીવન એ એક મહાન અને કઠોર વ્રત છે. આયુષ્યના અંત પર્યંત પહોંચનારી સિપાહીગીરી છે. પોતાની નિર્દોષ જણાતી અભિલાષાઓને દાબી દઈ, પોતાના મનના કલેશોને પોતામાં જ સમાવી દઈ, રાત અને દિવસ પોતાનું સર્વસ્વ જીવનના કર્તવ્ય બજાવવા માટે મૂકપણે હોમી દેવું - જેને પોતાનાં તરીકે માન્યાં તેમનું પણ એ જીવનયજ્ઞમાં બલિદાન કરવું, એ રામ-ચરિત્રનું તાત્પર્ય છે. રામની પિતૃભક્તિમાં, ગુરુભક્તિમાં, પત્નીવ્રતમાં, બંધુપ્રેમમાં, પ્રજાપાલનમાં- જ્યાં જોઈએ ત્યાં રામ એ જીવનયજ્ઞના યજમાન અને વ્રતધારી જણાયા છે. એમણે કદીએ જીવનને રમતગમતનો અખાડો નથી બનાવ્યો. બે ઘડીનાં ગપ્પાંને એમના સમયપત્રકમાં સ્થાન નથી. એમનાથી, કે એમની આગળ કદી હાંસી મશ્કરી ન થાય. એમના મુખ પરથી ગંભીરતાની છટા ઊતરે જ નહીં. વશિષ્ઠ, કૌશલ્યા, દશરથ એમનાં ગુરુજનો ખરાં, પણ એમની ધાર્મિકતા,

ગંભીરતા અને દ્રઢ નિશ્ચયતાનો પ્રભાવ એમની ઉપર પણ છાપ પાડ્યા વિના રહે નહીં . કેવી આજ્ઞા કરવી એ એમણે વિચારવું જોઈએ. રામના રોમરોમમાં મહારાજપદ ઝબકી ઊઠે છે. એમના દરબારમાં ઊભા રહેનારને પોતાના પર અપવિત્રતા કે અન્યાયનો વહેમ સરખો ના આવે એટલા શુદ્ધ થઈને જવું પડે. એ દિવ્ય કસોટી ઠરાવે. એમની ન્યાયવૃત્તિ પત્ની કે બંધુ કોઈને જુએ નહીં. એમના હૃદયમાં સ્વજનો માટે પ્રેમ ખરો; એ પ્રેમના લીધે એ ભક્તને માટે લંકાધીશને મારવાને જેટલાં પુરુષાર્થ અને પરાક્રમ જોઈએ એમાંથી રતીભાર પણ ઊણપ આવવા દે નહીં ,પણ છતાંય પ્રેમને વશ થઈ એ બધું કરે તેના કરતાં કર્તવ્યની – સત્ત્વરક્ષાની- ભાવનાને વિશેષ પ્રાધાન્ય આપતા એ જણાય, એમના અંતરમાં રહેલી ઊંડી પ્રેમની લાગણી ઉપરછલ્લું જોનારને માલુમ ના પડે; અનેક વર્ષના સહવાસથી જ એની પ્રતીતિ થાય. બીજાને તો એ નિષ્પક્ષપાતી, ન્યાયી, ધર્મપ્રિય, આંખને આંજી નાખે એવા તેજસ્વી અને કડક શાસ્તા જ લાગે.

– કિશોરલાલ મશરૂવાળા

11. નીચેનામાંથી રામચરિત્ર તાત્પર્યનો નિર્દેશ કરતો વિકલ્પ પસંદ કરો.

(A) કઠોર વ્રત રાખવાથી જીવન મહાન બને છે.

(B) મનના કલેશોને બહાર ફેંકી દેવા

(C) પોતાના અને સ્વજનોનું જીવનયજ્ઞમાં બલિદાન કરવું

(D) રાત-દિવસ જીવન યજ્ઞ કરવો

12. રામ જીવનયજ્ઞના યજમાન અને વ્રતધારી શાથી કહેવાય?

(A) રામ પિતૃભક્તિ, પત્નીવ્રત, બંધુપ્રેમ અને પ્રજાપાલનમાં સજાગ રહ્યા છે.

(B) એમણે જીવનને રમતગમતનો અખાડો નથી બનાવ્યું.

(C) એમણે કદી બે ઘડીના ગપ્પાં નથી માર્યા.

(D) એમની મુખમુદ્રા હંમેશા ગંભીર રહી છે.

13. કોની ઉપર કોનો પ્રભાવ પડે છે?

(A) વશિષ્ઠ, કૌશલ્યા અને દશરથનો રામ ઉપર

(B) દશરથનો કૌશલ્યા અને રામ ઉપર

(C) કૌશલ્યાનો દશરથ અને રામ ઉપર

(D) રામનો વશિષ્ઠ, કૌશલ્યા અને દશરથ ઉપર

14. રામ શાને વિશેષ પ્રાધાન્ય આપતા જણાય છે?

(A) પુરુષાર્થ અને પરાક્રમને

(B) પ્રેમને

(C) સ્વજનો, ગુરુ અને પ્રજાને

(D)કર્તવ્ય, સત્વરક્ષાની ભાવનાને

15. રામના અંતરમાં રહેલી પ્રેમની ઊંડી લાગણીની પ્રતીતિ ક્યારે થાય?

(A) રામની ભક્તિ કરવાથી

(B) રામના અંતેવાસી બનવાથી

(C) રામના દરબારમાં પવિત્ર થઈને જવાથી

(D) ઉપરછલ્લું ન જોવાથી

16. નીચેના ગુજરાતી શબ્દનો સાચો અંગ્રેજી અનુવાદ કયો છે?

ચક્રવૃદ્ધિ વ્યાજ

(A) circular increasing interest

(B) circulating interest

(C) compound interest

(D) circular interest

17. નીચેના ગુજરાતી શબ્દનો સાચો અંગ્રેજી અનુવાદ કયો છે?

ચઢતો ક્રમ

(A) rising order

(B) rising up

(C) ascending order

(D) descending order

18. નીચેના ગુજરાતી શબ્દનો સાચો અંગ્રેજી અનુવાદ કયો છે?

આશ્રિત

(A) Dependent

(B) Dependable

(C) Depended

(D) Depend

19. નીચેના ગુજરાતી શબ્દનો સાચો અંગ્રેજી અનુવાદ કયો છે?

ઉચાપત

(A) borrowing

(B) embezzlement

(C) theft

(D) burglary

20. નીચેના અંગ્રેજી શબ્દનો સાચો ગુજરાતી અનુવાદ કયો છે?

Crèche

(A) પારણું

(B) ઘોડિયું

(C) હિંચોલો

(D) ઘોડિયાઘર

21. નીચે આપેલા વાક્યોમાંથી નિષેધ વાક્યનો વિકલ્પ પસંદ કરો.

(A) દેવદૂતોએ ફોસલાવીને છૂટો પાડ્યો.

(B) આમ ચંત્યા કર્યે મા!

(C) મારા સપનામાં આવ્યા હરિ!

(D) મેં એ બોરડી જાતે ઉછેરી છે.

22. નીચે આપેલા વાક્યોમાંથી આજ્ઞાર્થ વાક્યનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) એના બોલ્યા સામું જોશો નહિ.

(B) ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી માંડ્યા રહો.

(C) એ તો નઇ આવે.

(D) આવરદા બાકી હશે, બીજું શું?

23. નીચે આપેલા સંજ્ઞાના પ્રકારો માટે ભાવવાચક સંજ્ઞાનો વિકલ્પ પસંદ કરો.

(A) માનવતા, સુખ, ક્રોધ

(B) મજા, હેત, ગિરનાર

(C) સેના, પર્વત, રમત

(D) લોખંડ, દૂધ, ઉદાસી

24. નીચે આપેલાં વાક્યોમાં વિશેષણ ન વપરાયું હોય એવો વિકલ્પ પસંદ કરો.

(A) મોરમુગટ શિર સુંદર ધરિયો, કાને કુંડળ લહેકે.

(B) પાછલી રાતના જાગતા, તને સાંભરે રે!

(C) તેઓએ પચીસેક રૂપિયાનું કરજ કર્યું હતું.

(D) ભાઈના હાથે કડું હતું.

25. નીચે આપેલાં વાક્યોમાંથી શુદ્ધ વાક્યરચનાનો વિકલ્પ પસંદ કરો.

(A) મારા મોટાભાઇ ભાવનગર ગયા.

(B) મારા મોટાંભાઈ ભાવનગર ગયા.

(C) મારા મોટાં ભાઈ ભાવનગર ગયાં.

(D) મારા મોટાં ભાઈ ભાવનગર ગયા.

26. નીચે આપેલાં વાક્યોમાંથી અશુદ્ધ વાક્યરચનાનો વિકલ્પ પસંદ કરો.

(A) તમે અમારે ઘેર સહકુટુંબ આવજો.

(B) તમે અમારે ઘેર કુટુંબ સાથે આવજો.

(C) બસ હાઇવે-રોડ પર જતી હતી.

(D) આ મકાનનો શો ભાવ છે?

27. નીચે આપેલાં વાક્યોમાંથી શુદ્ધ વાક્યરચનાનો વિકલ્પ પસંદ કરો.

(A) શું મજા પડી?

(B) તેણે ગોળ વર્તુળ દોર્યું.

(C) મેહુલ 'મહાભારત' નાટકમાં દ્રૌપદી બન્યો.

(D) બંને મિત્રોએ સલાહ કરી લીધી.

28. નીચે આપેલાં વાક્યોમાંથી અશુદ્ધ વાક્યરચનાનો વિકલ્પ પસંદ કરો.

(A) તે ભારપૂર્વક બોલ્યા.

(B) પ્રાણી માત્રમાં પરમાત્મા બિરાજે છે.

(C) અનુસ્વાર એ ભાષાવિષયક મુદ્દો છે.

(D) જોકે આપણે બધા સાથે જ નીકળીશું.

29. નીચે આપેલાં વાક્યોમાંથી પ્રેરક વાક્યરચનાનો વિકલ્પ પસંદ કરો.

(A) જો,જો, ધીરજભાઈ, છોકરાઓને કાંઈ નઠારું ન શીખવતા.

(B) સકીના પકવાન જમતી હતી.

(C) બા, તું એ ગીત ગા ને!

(D) બાપુ વાવટો ઉતારી લે છે.

30. નીચે આપેલાં વાક્યોમાંથી કર્મણિ વાક્યરચનાનો વિકલ્પ પસંદ કરો.

(A) એણે શરણાઈનો સૂર બદલ્યો.

(B) અમારાથી ના કહેવાય?

(C) બાપુએ સુંદરને છોડ્યો.

(D) કંચનમાસીથી બોલાયું.

31. નીચેનામાંથી જોડણી સાચી હોય તેવો વિકલ્પ પસંદ કરો.

(A) કસ્તુરી

(B) અંત:પૂર

(C) વાસિંદુ

(D) ઉપયોગિતા

32. નીચેનામાંથી જોડણી ખોટી હોય તેવો વિકલ્પ પસંદ કરો.

(A) ભાગિરથી

(B) અભિશાપ

(C) મહેસૂલી

(D) ધરિત્રી

33. નીચેનામાંથી જોડણી સાચી હોય તેવો વિકલ્પ પસંદ કરો.

(A) કુદરત

(B) છૂટકો

(C) બહૂમતી

(D) કામીની

34. નીચે આપેલી સંધિ વિશે સાચો વિકલ્પ પસંદ કરો.

(A) વાક્ + વ્યાપાર = વાગ્વ્યાપાર

(B) હો + વન = હવન

(C) ના + ઇક = નાવિક

(D) કોટિ + અવધિ = કોટ્યાવધિ

35. નીચે આપેલી સંધિ વિશે સાચો વિકલ્પ પસંદ કરો.

(A) ભાનુ + ઉદય = ભાનોદય

(B) અધમ + અધમ = ધમાધમ

(C) કૃષ્ણ + ઋદ્ધિ = કૃષ્ણર્દ્ધિ

(D) સૃજ્ + તિ = સર્જતી

36. નીચે આપેલી સંધિ વિશે સાચો વિકલ્પ પસંદ કરો.

(A) શિર + છેદ = શિરછેદ

(B) જગત + નાયક = જગતનાયક

(C) સત + ચિત + આનંદ = સચ્ચિદાનંદ

(D) પૌ + અક = પાવક

37. નીચે આપેલી સંધિ વિશે સાચો વિકલ્પ પસંદ કરો.

(A) વિદ્યા + આલય = વિદ્યાલય

(B) વિદ્યા + લય = વિદ્યાલય

(C) વિદ્ય + આલય = વિદ્યાલય

(D) વિદ્યા + અલય = વિદ્યાલય

38. નીચે આપેલી સંધિ વિશે સાચો વિકલ્પ પસંદ કરો.

(A) હરિ + ઈચ્છા=હરિચ્છા

(B) પરી + ઈક્ષા =પરીક્ષા

(C) દેવી + ઈચ્છા=દેવીચ્છા

(D) ગૌરી + ઈશ્વર=ગૌરિશ્વર

39. નીચેનાં ઉદાહરણોમાંથી અનન્વય અલંકારનો વિકલ્પ પસંદ કરો.

(A) હિમાલય એટલે હિમાલય.

(B) ભીમની ગદા જેવી તેની લાત છેલ્લો શ્વાસ બની ગઈ.

(C) ગુલછડી જેવી કન્યાઓ ઉદ્યાનમાં ઊડાઊડ કરતી હતી.

(D) ભક્તિરસ કેવો ભીનો ભીનો! જાણે કાંઠો સભર નદીનો!

40. નીચે આપેલા અલંકારના ઉદાહરણના પ્રકારનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

'રવિને તડકો ન ગમે તો જાય ક્યાં?'

(A) સજીવારોપણ

(B) શ્લેષ

(C) ઉત્પ્રેક્ષા

(D) અતિશયોક્તિ

41. નીચે આપેલી કહેવત માટે તેના અર્થનો યોગ્ય વિકલ્પ પસંદ કરો:

જમણો હાથ મોં ભણી વળે

(A) પોતાનું જ ભલું કરવું

(B) કુદરતે શરીરની સુંદર રચના કરી છે

(C) જમણા હાથે જ ખોરાક જમાય

(D) થતું હોય એમ જ થાય

42. નીચે આપેલા રૂઢિપ્રયોગના અર્થ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

રાગ આવવો

(A) સરસ ગાવું

(B) સંસારી થવું

(C) મેળ મળવો

(D) સારાં કામે જવું

43. નીચે આપેલા શબ્દ માટે વિરુદ્ધાર્થી શબ્દનો વિકલ્પ પસંદ કરો.

સંકલ્પ

(A) નિર્ણય

(B) વિકલ્પ

(C) પ્રકલ્પ

(D) કાયાકલ્પ

44. સાચી જોડણીનો વિકલ્પ પસંદ કરો.

(A) ટેલીવિઝન

(B) ટેલિવિઝન

(C) ટેલીવિજન

(D) ટેલિવીઝન

45. નીચે આપેલા શબ્દ-સમૂહ માટે એક શબ્દનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

હલકી ધાતુને કીમતી બનાવવાની ગુપ્ત રસાયણવિદ્યા

(A) સોનપ્રયોગ

(B) કીમિયો

(C) સુવર્ણવિદ્યા

(D) હેમક્રિયા

નીચેનો ગદ્યખંડ વાંચી તેને આધારે પ્રશ્ન ક્રમાંક 46થી 50 માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

બે પુરુષાર્થ કરતાં ધર્મની વિશેષતા એ છે કે ઉત્તરાવસ્થામાં જ્યારે એ બે પુરુષાર્થો ગૌણતાને યોગ્ય થાય છે ત્યારે ધર્મ આગળ પડી સવિશેષ આદરપાત્ર બને છે. તેમાં ઉત્તરાવસ્થાનો ધર્મ તે પૂર્વાવસ્થાના ધર્મથી તદ્દન ભિન્ન નથી, પણ પૂર્વાવસ્થાનો ધર્મ જ ઉત્તરાવસ્થામાં પરિપાક દશાને પામે છે અને મૃગશિરનો વા વાતાં જેમ કેરી મીઠી બને છે, તેમ પ્રભુના દ્વાર સમીપ આવતાં ધર્મ કોઈ અનેરી મીઠાશ ધારણ કરે છે. એ અવસ્થામાં અર્થ અને કામ સાથેનો એનો સંબંધ ક્ષીણ થઈ એ શુદ્ધ રૂપે પ્રકાશે છે, અને એ વખતે એ 'સંન્યાસ'ને નામે ઓળખાય છે; પણ આ સ્થિતિ સામાન્ય જનોમાં દુર્લભ છે તેથી એ સ્થિતિનો વિચાર હવે પછીથી કરવાનો રાખી પૂર્વાવસ્થામાં ધર્મ જ્યારે અર્થ અને કામ સાથે જોડાયેલો હોય છે તે વખતે એનું સ્વરૂપ શુદ્ધ કેવું હોય છે અને તે બીજા બે પુરુષાર્થ સાથે કેવી રીતે જાતનો સંબંધ ધરાવે છે એ વિશે વિચાર કરીશું.

– આનંદશંકર ધ્રુવ

46. વૃદ્ધાવસ્થામાં કયા બે પુરુષાર્થો ગૌણ બને છે?

(A) ધર્મ અને મોક્ષ

(B) ધર્મ અને કામ

(C) કામ અને અર્થ

(D) અર્થ અને મોક્ષ

47. નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ઉત્તરાવસ્થામાં ધર્મ સવિશેષ આદરપાત્ર બને છે.

(B) ધર્મ, અર્થ અને મોક્ષને ગૌણ બનાવે છે.

(C) ધર્મ સવિશેષ આદરપાત્ર છે.

(D) પૂર્વાવસ્થામાં ધર્મ ગૌણ હોય છે.

48. પૂર્વાવસ્થાનો ધર્મ ઉત્તરાવસ્થામાં......

(A) ક્ષીણ થાય છે.

(B) પરિપક્વતા ધારણ કરે છે.

(C) કેરી જેવો મીઠો બને છે.

(D) પરિવર્તન પામે છે.

49. ધર્મ શુદ્ધ સ્વરૂપ ક્યારે પામે છે?

(A) ઉત્તરાવસ્થા આવે ત્યારે

(B) મૃગશિરનો પવન વાય ત્યારે

(C) સંન્યાસ ધારણ કરે ત્યારે

(D) અર્થ અને કામ શિથિલ બને ત્યારે

50. કઈ સ્થિતિ સામાન્ય માણસોને પ્રાપ્ત થતી નથી?

(A) ઉત્તરાવસ્થામાં ધર્મથી અર્થને દૂર રાખી શકતા નથી.

(B) ધર્મ સાથેનો સંબંધ ક્ષીણ થવાની

(C) સંન્યાસ પ્રાપ્ત કરવાની

(D) ધર્મનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત થતું નથી.

51. નીચેનામાંથી શબ્દના સાચા અર્થનો વિકલ્પ પસંદ કરો.

(A) ઘનગર્જન = સિંહની ગર્જના

(B) ભાળવણી = સુકવવું તે

(C) ધોરીમાર્ગ = મુખ્ય રસ્તો

(D) પાંજરાપોળ = નિરાધારોને રહેવાની જગ્યા

52. નીચેનામાંથી શબ્દના સાચા અર્થનો વિકલ્પ પસંદ કરો.

(A) સીમ = ખેતર કે ગામની હદ

(B) મરજીવિયો = શહીદી વહોરનાર

(C) કુલોદ્ધારક = કુળનું નામ ઉજાળનાર

(D) ચિરસ્મરણીય = યાદ ના આવે એવું

53. નીચેના વાક્યમાં વપરાયેલ સંયોજકનો વિકલ્પ પસંદ કરો.

જે કામ કરે તે જીતે

(A) જે, કામ

(B) જે, કરે

(C) કામ, જીતે

(D) જે, તે

54. નીચે આપેલા વાક્યમાંથી કર્તાનો વિકલ્પ પસંદ કરો.

ગીતા દીવડાને પ્રગટાવે છે.

(A) ગીતા

(B) દીવડા

(C) ને

(D) પ્રગટાવે

55. શબ્દસમૂહ માટે એક શબ્દનો સાચો વિકલ્પ પસંદ કરો.

મસ્તક પર થતી જલધારા

(A) આપાદમસ્તક

(B) શિરસ્નાન

(C) અભિષેક

(D) માથાબોળ

56. શબ્દસમૂહ માટે એક શબ્દના જોડકાંનો સાચો વિકલ્પ પસંદ કરો.

| શબ્દસમૂહ | એક શબ્દ |
| --- | --- |
| 1. અંગૂઠા પાસેની આંગળી | ક. મસલત |
| 2. અમૃત જેવી નજર | ખ. કંજૂસ |
| 3. અરસપરસ કરેલી ચર્ચા-વિચારણા | ગ. તર્જની |
| 4. ખપ કરતાં ઓછો ખર્ચ કરનાર | ઘ. અમીદૃષ્ટિ |

(A) 1-ગ, 2-ઘ, 3-ક, 4-ખ

(B) 1-ઘ, 2-ખ, 3-ક, 4-ગ

(C) 1-ખ, 2-ઘ, 3-ક, 4-ગ

(D) 1-ગ, 2-ક, 3-ઘ, 4-ખ

57. નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દનો સાચો વિકલ્પ પસંદ કરો.

જાણવાની ઈચ્છાવાળું

(A) જાણતલ

(B) જાણકાર

(C) જિજ્ઞાસુ

(D) જાણભેદુ

58. નીચે આપેલા શબ્દસમૂહ અને તેના એક શબ્દ માટે અયોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) સહી ન શકાય તેવું – અસહ્ય

(B) નદીના પ્રવાહથી બનેલો ઊંડો પહોળો ખાડો કે બખોલ – કોતર

(C) દિશા જાણવાનું સાધન – હોકાયંત્ર

(D) વધારે પડતું ખાનારું – એકલપેટો

59. નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દનો સાચો વિકલ્પ પસંદ કરો.

બે ઘરની પાછળના ભાગે છોડેલી જગ્યા

(A) વાડી

(B) કરો

(C) નવેરી

(D) પછીત

60. નીચે આપેલા સમાનાર્થી શબ્દો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) વારિ, ક્રમ, પૃથ્વી

(B) નેહ, વરસાદ, ફૂલ

(C) કુસુમ, પુસ્તક, સાક્ષર

(D) ભીરૂ, ડરપોક, બીકણ

61. Rozy ________ a long distance everyday.

(A) walk

(B) walking

(C) walked

(D) walks

62. “ He prepared a report last week.” – change the voice :

(A) Last week he was preparing a report.

(B) Last week he prepared a report

(C) A report was being prepared by him last week

(D) A report was prepared by him last week.

63. Swami Vivekanand’s birthday ________ as National Youth Day.

(A) was celebrated

(B) is celebrated

(C) celebrated

(D) celebrates

64. ________ you prepare well, you will not fail in the exam.

(A) Though

(B) If

(C) Although

(D) Unless

65. Riyona and Ruhika are busy persons but the ________ is busier than the ________ .

(A) last, latter

(B) first, former

(C) former, second

(D) former, latter

66. The pupils abstained ________ attending classes.

(A) on

(B) from

(C) in

(D) to

67. There was ________ food in the refrigerator. It was nearly empty.

(A) a little

(B) a few

(C) little

(D) few

68. Choose the correct sentence.

(A) While I was writing my diary, the cell phone rang.

(B) When I wrote my diary, the cell phone rang.

(C) The cell phone rang when I was writing my diary.

(D) The cell phone rang while I am writing my diary.

69. Virat Kohli is the ________ cricketer in the world.

(A) good

(B) best

(C) worse

(D) better

70. The word ‘Perplexed’ stands for ________.

(A) angry

(B) frightened

(C) puzzled

(D) perpetual

71. નીચે આપેલા સમાનાર્થી શબ્દો માટે અયોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) સહિયર, બહેનપણી

(B) પરિચારિકા, ઓળખાણ

(C) શાશ્વત, નિત્ય

(D) ક્ષીણ, ઘસાયેલું

72. સમાનાર્થી શબ્દો માટે જોડકાંનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

| અ | બ |
|---|---|
| 1. ચાહક | ક. દર્શન |
| 2. ઠંડક | ખ. સંતોષ |
| 3. દેદાર | ગ. હેતાળ |

4. ધરવ ઘ. નિરાંત

(A) 1-ગ, 2-ઘ, 3-ક, 4-ખ (B) 1-ઘ, 2-ખ, 3-ક, 4-ગ

(C) 1-ખ, 2-ઘ, 3-ક, 4-ગ (D) 1-ગ, 2-ક, 3-ઘ, 4-ખ

73. નીચે આપેલા સમાનાર્થી શબ્દો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ગુલછડી, અનાર, દાડમ

(B) મોટાઈ, ગુરુત્વ, ગૌરવ

(C) ધાબળો, રજાઈ, ગોદડી

(D) જોરૂ, બળ, તાકાત

74. નીચે આપેલા સમાનાર્થી શબ્દો માટે અયોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) પડદો, ચક, પાટુ

(B) પહાણ, પાષાણ, ઉપલ

(C) મિહિર, સવિતા, દિનકર

(D) હેમ, કંચન, કનક

75. નીચે આપેલા તળપદા શબ્દના શિષ્ટરૂપ માટે અયોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) પો'ર = પ્રહર

(B) ધન = ધન્ય

(C) નિર્મળ = મલિન

(D) પરમારથ = પરમાર્થ

76. નીચે આપેલા તળપદા શબ્દના શિષ્ટરૂપ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ઓચ્છવ = ઉછીનું

(B) નીંદર = ઇન્દ્ર

(C) પૂણ = દેવું

(D) ઓણ = આ વર્ષે

77. નીચે આપેલા વિરુદ્ધાર્થી શબ્દો માટે અયોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) અભિમાન × નિરભિમાન

(B) શિષ્ટ × પ્રશિષ્ઠ

(C) શત્રુ × મિત્ર

(D) શરમ × બેશરમી

78. વિરુદ્ધાર્થી શબ્દનો સાચો વિકલ્પ પસંદ કરો.

(A) નંદ × આનંદ

(B) ઉદય × અંત્યોદય

(C) ખરું × યથાર્થ

(D) સ્થિર × ચંચળ

79. નીચે આપેલા વિરુદ્ધાર્થી શબ્દો વિશે સાચો વિકલ્પ પસંદ કરો.

(A) અમતિ × કુમતિ

(B) કુદરતી × સહજ

(C) અસલ × અવલ

(D) મૂંગુ × વાચાળ

80. નીચે આપેલા વિરુદ્ધાર્થી શબ્દો માટે અયોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ઉદ્યમ × આળસ

(B) સ્પષ્ટ × ક્લિષ્ટ

(C) ક્રિયાત્મક × પ્રયોગાત્મક

(D) વક્તા × શ્રોતા

81. Complete the dialogue by selecting correction option for the blank:

Student : Sir, I don't feel well today.

Teacher : Oh! You ________ to home. I will call your father.

(A) should go

(B) go

(C) will go

(D) should goes

82. Select the correct question to get underlined word/phrase as an answer:

People plant many trees in order to get more rain.

(A) Why did people plant many trees?

(B) What do people do in order to get more rain?

(C) Why do people plant many trees?

(D) What did people do in order to get more rain?

Read the passage and answer the questions from 83 to 87 selecting the most appropriate options :

After returning to India, Salim tried to get a job as an Ornithologist with the Zoological Survey of India, but was rejected since he did not have an M.Sc. or a Ph.D. degree. He decided to study further to acquire eligibility for the job. Salim went to Germany and got trained under Professor Stresemann, an acknowledged Ornithologist in Berlin. However, when he came back to India, he found out that there were hardly any opportunities in his profession. Another man would have given up in disgust, but not Salim. He decided to create an opportunity. He went to Bombay Natural History Society (BNHS) and offered his services for conducting regional Ornithological surveys.

83. Why was Salim Ali not given a job as an Ornithologist?

(A) returning from India

(B) Not having enough degrees

(C) did not attempt

(D) not done survey

84. Why did Salim Ali go to Germany?

(A) to do survey

(B) to get a job

(C) to work with Professor Stresemann

(D) to acquire eligibility

85. After coming to India what did Salim Ali decide?

(A) To offer services

(B) For conducting survey

(C) To create an opportunity

(D) To go back to Germany

86. Salim decided to Study further as ________.

(A) He wanted to get job as an ornithologist.

(B) He wanted to be a professor.

(C) His family wished so.

(D) He was interested in higher education.

87. Which word is used for 'a person who does the study of birds' in the passage?

(A) zoological

(B) ornithologist

(C) acknowledged

(D) disgust

88. Find out the odd one :

(A) foresee

(B) predict

(C) anticipate

(D) evaluate

89. He can start ________ next month.

(A) from

(B) on

(C) in

(D) since

90. Could you ________ anything from the Manager's speech?

(A) make in

(B) make up

(C) make out

(D) make with

91. નીચે આપેલા વાક્યમાં રેખાંકિત શબ્દનો વિરોધી શબ્દ વાપરી વાક્યનો અર્થ ન બદલાયો હોય એવા વાક્યનો વિકલ્પ પસંદ કરો.

આ રાજમુગટ પર કલંક લાગ્યું છે.

(A) આ રાજમુગટ નિષ્કલંક નથી.

(B) આ રાજમુગટ નિષ્કલંક છે.

(C) આ રાજમુગટ કલંકિત છે.

(D) આ રાજમુગટ કલંકિત નથી.

92. નીચે આપેલા રૂઢિપ્રયોગ અને તેના અર્થ માટે અયોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) માથું વધેરવું = બલિદાન આપવું

(B) શ્રાવણ ભાદરવો વરસવો = ધોધમાર વરસાદ પડવો

(C) આંખો ઉઘાડવી = સતેજ કે સાવધાન થઈ જવું

(D) ઢગલો થઈ જવું = થાકીને લોથપોથ થઈ જવું

93. નીચે આપેલા રૂઢિપ્રયોગ માટે તેના અર્થનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

ઊની આંચ આવવી

(A) ખૂબ ગરમી લાગવી

(B) જીવ આવવો

(C) દુ:ખ કે તકલીફ આવવી

(D) શરીરમાં ચેતનાનો સંચાર થવો

94. નીચે આપેલા રૂઢિપ્રયોગ અને તેના અર્થ માટે અયોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ગઈ ગુજરી ભૂલી જવી = ભૂતકાળ ભૂલી જવો

(B) લોહી ઊકળી ઊઠવું = ગુસ્સે થઈ જવું

(C) હાથફેરો કરવો = ચોરી કરી બધી જ વસ્તુઓ લઈ જવી

(D) ધૂળમાં મળી જવું = ખોવાઈ જવું

95. નીચે આપેલા વાક્યોમાં યોગ્ય રીતે રૂઢિપ્રયોગ વપરાયો હોય એવો વિકલ્પ પસંદ કરો.

(A) અમરનાથની યાત્રાએ શેષ નદીના કિનારે વસવાટ કરવાના અમે હવાઈ કિલ્લા બાંધ્યા.

(B) બોલાચાલી આગળ વધતા તેણે માથું ફોડીને લોહી કાઢ્યું.

(C) ઉંમર વધવાની સાથે વાળ ધોળા થવા કુદરતી છે.

(D) કારેલાંનો રસ પીવા આપ્યો છતાં હું કડવો ઘૂંટડો ગળી ગયો.

96. નીચે આપેલા રૂઢિપ્રયોગ માટે અર્થનો અયોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) કાન ઉઘાડવા = ચેતવવું

(B) કાન ઊઘડવા = સાચી સ્થિતિ સમજાવી

(C) કાન કરડવા = કાને ઇજા પહોંચાડવી

(D) કાન ઊભા કરવા = સાંભળવા ધ્યાન આપવું

97. નીચે આપેલી કહેવતોમાં જુદી પડતી કહેવતનો વિકલ્પ પસંદ કરો.

(A) ઝાઝા હાથ રળિયામણા

(B) ઝાઝાં મળ્યાં ને ખાવા ટળ્યાં

(C) ઝાઝી કીડીઓ સાપને તાણે

(D) સંપ ત્યાં જંપ

98. નીચે આપેલી કહેવતોમાં જુદી પડતી કહેવતનો વિકલ્પ પસંદ કરો.

(A) જણ્યાં પણ વણ્યાં નહિ

(B) મોરનાં ઇંડાં ચિતરવા ન પડે

(C) દીવા પાછળ અંધારું

(D) દેવતાના છોકરા અંગારા

99. નીચે આપેલી કહેવતના અર્થનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

ટકે શેર ભાજી; ટકે શેર ખાજાં

(A) નાણાનું અવમૂલ્યન કરવું

(B) ન્યાય બધાં માટે સરખો

(C) સારું સસ્તું ખરાબ મોંઘું

(D) સારું નરસું સૌ સરખું

100. નીચે આપેલી કહેવતો અને તેના અર્થનો અયોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) પંચ ત્યાં પરમેશ્વર = પાંચ માણસો પૂજવા લાયક હોય

(B) ગરથ ગાંઠે ને વિદ્યા પાઠે = જે હાથ વગી હોય તે જ વસ્તુ કામની

(C) પાડાના વાંકે પખાલીને ડામ = એકને વાંકે બીજાને સજા

(D) બે ઘરનો પરોણો ભૂખે મરે = અનિશ્ચિત મનોદશા મુશ્કેલી સર્જે

---

પ્રશ્નપુસ્તિકા શ્રેણી

# M

**LL02**

**This Question Booklet Contains 24 Printed Pages**
**આ પ્રશ્નપત્રમાં કુલ 24 છાપેલાં પાનાં છે.**

| | |
|---|---|
| સમય : 2 કલાક | Time : 2 Hours |
| કુલ પ્રશ્નો : 100 | Total Questions : 100 |
| કુલ ગુણ : 100 | Total Marks : 100 |

ઉમેદવારનો બેઠક નંબર: Roll no :

ઉમેદવારનો બેઠક ક્રમાંક :

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

M

## તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં

**ઉમેદવારોને સૂચના :**

(1) આ કસોટીપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. પ્રશ્નની સાથે ચારેય વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. આ સાથે અલગ આપેલ ઉત્તરપત્ર (OMR SHEET)માં જ ઉત્તર આપવાના છે.

ઉદાહરણ તરીકે :

ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે ?

(A) સરદાર પટેલ (B) મહાત્મા ગાંધી

(C) સુભાષચંદ્ર બોઝ (D) વિનોબા ભાવે

ઉત્તરપત્ર (OMR SHEET)માં

Ⓐ ● Ⓒ Ⓓ

ઉપર્યુક્ત ઉદાહરણમાં જવાબ "B" છે. આથી "B"નું વર્તુળ કાળું (encode) કરેલ છે. વર્તુળ કાળું કરવા માટે કાળી અથવા વાદળી બોલપેન જ વાપરવી, પેન્સિલ કે સ્કેચપેન વાપરવી નહીં. ઉમેદવારોએ જવાબમાં "મહાત્મા ગાંધી" લખવું નહીં.

(2) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન ઉમેદવાર પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઈ છે.

(3) પ્રશ્નપત્ર ઉમેદવારને મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET) માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે.

(4) પ્રત્યેક સાચા જવાબદીઠ 1(એક) ગુણ મળવાપાત્ર થશે. આ વખતે બોર્ડ દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઈનસ પદ્ધતિ દાખલ કરવામાં આવી નથી.

(5) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિરીક્ષકની સહી કરાવી લેવી આવશ્યક છે. નિરીક્ષકની સહી વગરનું ઉત્તરપત્ર (OMR SHEET) તપાસવામાં આવશે નહીં.

(6) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(7) ઉત્તરપત્ર (OMR SHEET) ના પ્રમાણપત્રમાં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી હોવી ફરજિયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્રો (OMR SHEET) વાળા ઉમેદવારો ગેરલાયક ઠરશે. ઉમેદવારે પોતાની સહી સુવાચ્ય કરવાની રહેશે.

(8) આ પરીક્ષા "પુસ્તકો સાથે"ની છે, પરંતુ તે માટે પુસ્તકો તરીકે સરકારશ્રી દ્વારા બહાર પડાયેલ Bare Act/Rules (કોઇ પણ પ્રકારની ટીકા ટીપ્પણ કોમેન્ટ વિના) સાથે રાખી શકશો. પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી માન્ય પુસ્તકો સિવાયનું કોઈ પણ સાહિત્ય, ગાઈડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, પેજર, કેલ્કયુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(9) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(10) ઉમેદવારે વાદળી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી (White Ink), બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહીં

ઉમેદવારની સહી:____________________ ખંડ નિરીક્ષકની સહી:____________________

પરીક્ષા પૂરી થયા બાદ (OMR SHEET) ખંડ નિરીક્ષકને ખુલ્લું (કવરમાં મુકયા વગર) પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે.તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.

1. નીચેના વિધાનો વિચારણામાં લો –

(૧) પંચાયત કર્મચારી સાથે સરકારી કામકાજનો વ્યવહાર ન ધરાવતા નજીકના સગા દ્વારા પંચાયત કર્મચારીને વાહનમાં બેસવાનું કયારેક મળેલું નિમંત્રણ ભેટ તરીકે ગણાશે નહીં

(૨) જાહેર મકાનની ઉદઘાટન વિધિ વખતે પંચાયત કર્મચારીને મળેલી વસ્તુઓને ભેટ તરીકે ગણવામાં આવે છે

નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો:

(A) વિધાન (૧) સાચું અને (૨) ખોટુ છે

(B) વિધાન (૧) ખોટુ અને (૨) સાચું છે

(C) બન્ને વિધાનો સાચાં છે

(D) બન્ને વિધાનો ખોટા છે

2. પંચાયતો માટેની રાજય કાઉન્સિલમાં રાજય સરકાર દ્વારા કેટલા અધિકારીઓ નીમવામાં આવે છે?

(A) બે

(B) ચાર

(C) ત્રણ

(D) એક

3. પંચાયત કર્માચારીઓએ મંડળમાં જોડાવા બાબતની જોગવાઇ ગુજરાત પંચાયત સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૯૮ના કયા નિયમમાં જોગવાઇ થયેલ છે?

(A) નિયમ-૫

(B) નિયમ-૭

(C) નિયમ-૬

(D) નિયમ-૯

4. અધિકારીના નામે સંબોધેલા લખાણો કોણ સ્વીકારે છે?

(A) અધિકારી જાતે

(B) અધિકારી વતી તેમના અંગત મદદનીશ

(C) અધિકારી વતી તેમના લઘુલિપિક

(D) ઉપરના ત્રણેય

5. પંચાયત સેવાનો કર્મચારી તેમની સામેની ખાતાકીય તપાસમાં પોતાનો કેસ રજૂ કરવા માટે કયારે વકીલ રાખી શકે છે?

(A) જયારે શિસ્ત અધિકારી તરફથી જે અધિકારી /વ્યક્તિ નીમવામાં આવે તે વકીલ હોય

(B) કેસના સંજોગો ધ્યાનમાં લઇને વકીલ રોકવાની શિસ્ત અધિકારીએ પરવાનગી આપેલ હોય

(C) (A) અને (B) બન્ને કિસ્સામાં

(D) ખાતાકીય તપાસમાં શિસ્ત અધિકારીની પરવાનગી સિવાય કર્મચારી વકીલ રાખી શકે છે

6. સરકારી કચેરીના કર્મચારીઓને કોઇ નિર્ણયની આંતરિક રીતે જાણ કરવાના સાધન તરીકે કોનો ઉપયોગ થાય છે?

(A) પત્ર

(B) યાદી

(C) કચેરી હુકમ

(D) પરિપત્ર

7. રાજય સરકાર જાહેર સેવાના હિતમાં, સંરક્ષણ સેવાના કોઇ અધિકારીની નિમણૂક કરીને જગા ભરી શકશે તેવી જોગવાઇ ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૯૮ના કયા નિયમમાં છે?

(A) નિયમ-૧૮

(B) નિયમ-૨૦

(C) નિયમ-૨૧

(D) નિયમમાં આવી કોઇ જોગવાઇ નથી

8. રાજય સરકાર અથવા ખાતાના વડા તરફથી આવતા પત્રોનું રજીસ્ટર કચેરીના વડાએ કયારે તપાસી અને તેમાં સહી કરવાની હોય છે?

(A) દર અઠવાડીયે

(B) દર પંદર દિવસે

(C) દર મહિને

(D) દર ત્રણ મહિને

9. પંચાયત સેવા હેઠળની કોઇ સેવા અથવા જગા ઉપર નિમણૂંક થઇ હોય તેવી વ્યક્તિએ કઇ પરીક્ષા પસાર કરવાની હોય છે?

(૧) હિન્દીની પરીક્ષા

(૨) ગુજરાતીની પરીક્ષા

(૩) હિન્દી અને ગુજરાતીની પરીક્ષા

(૪) ઠરાવેલ ખાતાકીય પરીક્ષા

નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર (૧)

(B) માત્ર (૨)

(C) માત્ર (૩) અને (૪)

(D) માત્ર (૨) અને (૪)

10. પંચાયતની ચૂંટણીમાં ચૂંટણી માટે નિમાયેલ અધિકારી કે કર્મચારી સિવાયની કોઇ બીજી વ્યક્તિ કોઇપણ મતપત્રનો કપટપૂર્વક નાશ કરે અને તે ગુનો સાબિત થાય તો નીચેનામાંથી કઇ શિક્ષા થઇ શકે છે?

(A) છ મહિનાની મુદત સુધીની કેદની અથવા દંડની અથવા બન્ને શિક્ષાઓ

(B) છ મહિનાની મુદત સુધીની કેદની અથવા દંડની

(C) બે વર્ષની મુદત સુધીની કેદની અથવા દંડની

(D) બે વર્ષની મુદત સુધીની કેદની અથવા દંડની અથવા બન્ને શિક્ષાઓ

11. પંચાયત વિસર્જન કરવાના કારણે આવી પંચાયતની પૂનર્રચના કરવામાં આવે તો, વિસર્જિત પંચાયત જે મુદત સુધી ચાલુ રહી હોય તેવી બાકીની મુદત છ મહિના અથવા છ મહિનાથી વધુ હોય ત્યારે, આવી તારીખ, પંચાયતના વિસર્જનની તારીખ પછી કેટલા સમય કરતાં મોડી હોવી જોઇએ નહીં

(A) એક મહિના

(B) પંદર દિવસ

(C) બે મહિના

(D) ત્રણ મહિના

12. નીચે પૈકી નો કયો કર અથવા ફી ગ્રામ પંચાયત લઇ શકે નહિ ?

(A) પંચાયત ની માલીકી ના ગૌચરો માં ઢોર ચરાવવા માટેની ફી

(B) જનમાષ્ટમી ના મેળા ના મનોરંજન  ઉપરનો કર

(C) ગામ માં આવેલ મિલકત ના વેચાણ વખત ની ખાસ સ્ટેમ્પ ડયુટી

(D) યાત્રાળુ કર

13. નીચેનાં  વિધાનો પૈકી કયું/ કયાં વિધાન/ વિધાનો સાચું/ સાચાં છે?

(૧) કોઇપણ પંચાયત કર્મચારી પોતાના કુટુંબના કોઇપણ સભ્યને કોઇપણ કંપની અથવા પેઢીમાં નોકરી અપાવવા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પોતાના હોદ્દાનો ઉપયોગ કરી શકશે

(૨) પંચાયત સેવામાં પ્રતિનિયુક્તિપર હોય તેવા સરકારના વર્ગ-૧ના અધિકારી સરકાર અથવા પંચાયત સાથે સરકારી કામકાજ રહેતુ હોય તેવી કંપનીમાં પોતાના પુત્રને સરકારની મંજૂરી સિવાય નોકરી સ્વીકારવાની પરવાનગી આપી શકશે નહીં

(A) માત્ર(૧)

(B) માત્ર(૨)

(C) (૧) અને (૨) બન્ને

(D) બે માથી એકેય નહીં

14. દરેક શાખાના અધિકારીએ, દરેક દફતર કારકુનની આવક, નિકાલ અને બાકી કાગળોની તારીજ કયારે તપાસવાની હોય છે?

(A) દર સોમવારે

(B) દર ગુરૂવારે

(C) દર અઠવાડીયે

(D) દર પંદર દિવસે

15. ગુજરાત પંચાયત સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૯૭ના નિયમ-૬માં દર્શાવેલ શિક્ષાઓમાંથી કોઇપણ શિક્ષા કરવા અંગેના હુકમ સામે જેમને અપીલ કરી શકાય છે તે અધિકારી શિસ્તભંગના હુકમની તારીખથી .................. કરતા વધુ સમય પૂરો થયા પછી પુનર્વિચારણા કરી શકતા નથી.

(A) ત્રણ મહિના

(B) છ મહિના

(C) ચાર મહિના

(D) બે મહિના

16. કચેરી કાર્યપધ્ધતિમાં નિયત થયેલ પરિશિષ્ટો પૈકી કયા પરિશિષ્ટના નમૂનામાં શાખાનું જાવક રજીસ્ટર રાખવામાં આવે છે?

(A) પરિશિષ્ટ-૫

(B) પરિશિષ્ટ-૬

(C) પરિશિષ્ટ-૧૩

(D) પરિશિષ્ટ-૨

17. ભારતના નાગરિકત્વ સંબંધી શરતોમાં નીચેના કયા વર્ગ હેઠળ આવતા ઉમેદવારની તરફેણમાં રાજય સરકારે લાયકાતનું પ્રમાણપત્ર આપ્યુ હોય તેવી વ્યક્તિ હોવી જોઇશે?

(A) નેપાળનો પ્રજાજન હોય

(B) ભૂતાનનો પ્રજાજન હોય

(C) A અને B બન્ને

(D) A અને B બન્નેમાંથી એકેય નહીં

18. દફતરદાર પાસેથી મેળવેલી ફાઇલ દફતર કારકુને સામાન્ય સંજોગોમાં કેટલા સમયથી વધારે વખત માટે રાખવી જોઇએ નહીં?

(A) બે મહિનાથી

(B) ત્રણ મહિનાથી

(C) ચાર મહિનાથી

(D) છ મહિનાથી

19. ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૯૮માં વ્યાખ્યા કર્યા મુજબ "નિમણૂક સત્તાધિકારી" એટલે –

(A) ગુજરાત પંચાયત સેવા (નિમણૂક સત્તાધિકારી) નિયમો, ૧૯૯૭

(B) ગુજરાત પંચાયત સેવા (નિમણૂક સત્તાધિકારી) નિયમો, ૧૯૯૬

(C) ગુજરાત પંચાયત સેવા (નિમણૂક સત્તાધિકારી) નિયમો, ૧૯૯૮

(D) ગુજરાત પંચાયત સેવા (નિમણૂક સત્તાધિકારી) નિયમો, ૧૯૯૫

20. ગ્રામ પંચાયતની બાબતમાં, સરપંચની ચૂંટણી થાય નહિ ત્યારે અથવા ચૂંટાયેલા સરપંચ હોદ્દો લેવા માંગતા ન હોય ત્યારે આવી ગ્રામ પંચાયતની પહેલી બેઠકનું અધ્યક્ષસ્થાન કોણ સંભાળે છે?

(A) ઉપસરપંચ

(B) તાલુકા વિકાસ અધિકારી

(C) યોગ્ય સત્તાધિકારી આ અંગે હુકમ કરીને નીમે તેવા અધિકારી

(D) તલાટી-કમ-મંત્રી

21. કોઇ પંચાયતના કોઇ હુકમ અથવા ઠરાવની અમલ બજવણી કરવાથી અથવા પંચાયત કોઇ કાર્ય કરવાની તૈયારીમાં હોય અને તે કાયદા વિરૂધ્ધ હોય તો, કોના લેખિત હુકમથી તેની અમલ બજવણી મોકુફ રાખી શકાશે?

(A) જિલ્લા વિકાસ અધિકારી

(B) જિલ્લા કલેકટર

(C) વિકાસ કમિશનર

(D) તાલુકા વિકાસ અધિકારી

22. નીચેનામાંથી કઇ બાબતોની જોગવાઇ કરવાની જિલ્લા પંચાયતની ફરજ છે?

(૧) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો સ્થાપવા અને ચલાવવા

(૨) શિક્ષણ કાર્યની મોંજણી અને મૂલ્યાંકન કરવા બાબત

(૩) નાળિયેરીનો વિકાસ કરવા બાબત

(૪) વ્યવસાયિક અને ઔદ્યોગિક શાળાઓ સ્થાપવા, ચલાવવા અને વધારવા અને તેને સહાય કરવા બાબત

(A) તમામ (૧) (૨) (૩) (૪)

(B) માત્ર (૧) (૨) અને (૪)

(C) માત્ર (૧) (૨) અને (૩)

(D) માત્ર (૨) (૩) અને (૪)

23. નીચેનાં વિધાનો પૈકી કયું/ કયાં વિધાન/ વિધાનો સાચું/ સાચાં નથી?

(૧) ચૂંટણીમાં મત આપવાની યોગ્યતા ધરાવતો પંચાયત કર્મચારી મત આપવાનો તેનો હક્ક વાપરી શકશે

(૨) કોઇપણ પંચાયત કર્મચારી કોઇપણ વિધામંડળની ચૂંટણીમાં પોતાની લાગવગનો ઉપયોગ કરી શકશે

(૩) પંચાયત કર્મચારી પોતાના વાહન પર ચૂંટણીનું પ્રતિક લગાવી શકશે

(A) (૧)

(B) માત્ર (૧) અને (૨)

(C) (૨)

(D) માત્ર (૨) અને (૩)

24. નોંધણી વિભાગમાં આવેલ કાગળો જે તારીખે રજિસ્ટરમાં નોંધવામાં આવે તે તારીખ દરેક દિવસની શરૂઆતમાં રજીસ્ટરના પાનાના મથાળે કયા રંગની શાહીથી લખવાની હોય છે?

(A) વાદળી (B) લાલ

(C) કાળી (D) લીલી

25. ગુજરાત પંચાયત સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૯૭ના નિયમો હેઠળ કરવાના થતા કામ માટે આ નિયમોમાં દર્શાવેલ સમયમર્યાદામાં છૂટછાટ મૂકવાની અને વિલંબ માફ કરવાની કોને સત્તા છે?

(A) કચેરીના વડા

(B) ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

(C) આ નિયમો હેઠળ કોઇપણ હુકમ કરવાની સત્તા ધરાવતા અધિકારી

(D) જિલ્લા વિકાસ અધિકારી

26. સચિવાલયમાં મોકલવાના કોઇપણ પ્રકારના લખાણો કે સહીઓમાં કયા પ્રકારની શાહીનો ઉપયોગ કરી શકાતો નથી?

(A) વાદળી શાહી

(B) માત્ર લાલ શાહી

(C) માત્ર લીલી શાહી

(D) લાલ તથા લીલી બન્ને શાહી

27. ઉપલા વર્ગની પંચાયત સેવામાંની નોકરી અથવા જગા જેના સંબંધી વયમર્યાદા ૪૨ વર્ષ કરતા વધુ હોય તો વયમર્યાદા ............ વર્ષની મર્યાદા સુધી હળવી કરી શકાશે.

(A) ત્રણ

(B) ચાર

(C) પાંચ

(D) બે

28. ખાતાના વડાએ પોતાના તાબાની તમામ કચેરીઓના કામના નિકાલ અને બાકી કામની માસિક તારીજ દર માસે ........................ તારીખ સુધીમાં સચિવાલયના વિભાગના સચિવને મોકલવાની હોય છે?

(A) ૧૦મી

(B) ૨૦મી

(C) ૧૫મી

(D) ૨૫મી

29. પંચાયત સેવાનું વર્ગીકરણ કેટલા પ્રકારે કરવામાં આવે છે?

(A) ૨

(B) ૩

(C) ૪

(D) ૫

30. પંચાયત સેવામાંની જગાઓ ઉપર નિમણૂક કરવા માટે નિમણૂકની કેટલી પધ્ધતિ નિયત કરાયેલ છે?

(A) ત્રણ

(B) બે

(C) ચાર

(D) પાંચ

31. ગ્રામ પંચાયતના કોઇ હુકમ અથવા નિર્ણય વિરૂધ્ધ જિલ્લા પંચાયતને અપીલ, હુકમ અથવા નિર્ણયની તારીખથી કેટલા દિવસની મુદતની અંદર કરવાની હોય છે?

(A) ત્રીસ

(B) પિસ્તાલીસ

(C) પંદર

(D) સાઈઠ

32. ગ્રામ પંચાયતોએ લેવાના કર અને ફી લઇને, પોતાની આવક વધારવા માટે ગ્રામ પંચાયતોને ઉત્તેજન આપવાને પ્રોત્સાહન ગ્રાન્ટ આપવા માટે તેનો ઉપયોગ કરવાના હેતુસર દરેક જિલ્લામાં જિલ્લા પંચાયત કયુ ફંડ સ્થાપે છે?

(A) જિલ્લા વિકાસ ફંડ

(B) જિલ્લા સમકારી ફંડ

(C) જિલ્લા ગ્રામ ઉત્તેજન ફંડ

(D) ઉપર પૈકી એક પણ નહીં

33. પંચાયત સેવાના સભ્યે, તેના કુટુંબના કોઇપણ સભ્ય વેપારમાં રોકાય તો, તેનો રિપોર્ટ કોને કરવો જોઇશે?

(A) ખાતાના વડાને

(B) જિલ્લા પંચાયતને

(C) કચેરીના વડાને

(D) નિયમ પ્રમાણે આવો રિપોર્ટ કરવો જરૂરી નથી

34. નીચે જણાવેલ પ્રકારના કાગળો પૈકી કયા કાગળને રિસિપ્ટ તરીકે ગણવામાં આવતા નથી?

(A) અધિકારીઓના અંગત પત્રો

(B) જેના પર કાર્યવાહી કરવાની હોય તેવી અધિકારીઓને મૂકેલી સ્વતંત્ર નોંધ

(C) શાખામાં આવેલ અને ડાયરીમાં નોંધવામાં આવેલા બધા સરકારી લખાણો

(D) અધિકારીઓને સીધા મોકલેલ કેસો પર કચેરીએ બિન-રેકર્ડ નોંધ મૂકી હોય તો તે

35. ગુજરાત પંચાયત સેવાના કર્મચારી સામે ખાતાકીય તપાસ પૂરી થયા પછી, તપાસ અહેવાલમાં નીચેનામાંથી કઇ બાબતોનો સમાવેશ કરવાનો થાય છે?

(૧) તહોમતના મુદ્દા અને આક્ષેપોનું પત્રક

(૨) કર્મચારીનું લેખિત બચાવનામું

(3) તપાસ દરમ્યાનના મૌખિક પુરાવાઓ લીધેલ હોય તો તેની વિગત

(૪) તપાસ દરમ્યાનના દસ્તાવેજી પુરાવાઓની વિગત

(૫) શિસ્ત અધિકારી અથવા તપાસ અધિકારી દ્વારા તપાસ સંબંધમાં કોઇ હુકમ કરેલ હોય તો તેની વિગત

(૬) તહોમતના દરેક મુદા પરના તારણો અને તે માટેના કારણો

(A) (૧) થી (૬)

(B) માત્ર (૧) થી (૪) અને (૬)

(C) માત્ર (૧) (૨) (૪) (૫) અને (૬)

(D) માત્ર (૧) (૨) (3) (૪) અને (૬)

36. નોંધ વિભાગ અથવા પત્રવ્યવહાર વિભાગ તે બે પૈકી એકેય વિભાગમાં કેટલા પાંના કરતાં વધુ પાનાં થાય ત્યારે ફાઇલ બંધ કરીને નવી ફાઇલ ખોલવાની હોય છે?

(A) ૨૦૦ (B) ૨૫૦

(C) ૧૦૦ (D) ૧૫૦

37. ગુજરાત પંચાયત સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૯૭ હેઠળ કરવામાં આવેલ અથવા કરેલો ગણવામાં આવેલ ફરજ મોકુફીનો હુકમ, નીચેના પૈકી કોણ તેને સુધારે અથવા પાછો ખેંચે ત્યા સુધી અમલમાં રહેશે?

(A) કચેરીના વડા

(B) સત્તા ધરાવતા અધિકારી

(C) ખાતાના વડા

(D) સચિવાલયનો સંબંધિત વિભાગ

38. અરજદારે કરેલી અરજીઓના સંબંધમાં નીચેના વિધાનો વિચારણામાં લઇને કયું/કયા વિધાન/વિધાનો સાચું/સાચા છે તેનો યોગ્ય વિકલ્પ પસંદ કરો –

(૧) દરેક કચેરીના અધિકારીએ દિવસમાં બે વખત અરજી લેવાય તે માટે સમય નક્કી કરવો

(૨) અરજીઓ દરેક અધિકારીએ બને ત્યાં સુધી પોતે લેવી જોઇએ

(3) અંગ્રેજીમાં લખાયેલી પરંતુ ગુજરાતી ભાષામાં સહી થયેલ અરજીનો જવાબ ગુજરાતી ભાષામાં આપવો

(A) વિધાન (૧) અને (૨) સાચાં છે

(B) વિધાન (૧) અને (3) સાચાં છે

(C) વિધાન (૧) (૨) અને (3) સાંચા છે

(D) માત્ર વિધાન (૧) સાચું છે

39. પંચાયત સેવા એટલે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ .................... હેઠળ રચાયેલી પંચાયત સેવા

(A) ૨૩૬

(B) ૨૨૭

(C) ૨૩૫

(D) ૨૭૪

40. પંચાયત સેવામાં નીચેની કેડરોનો સમાવેશ થાય છે –

(૧) જિલ્લા કેડર

(૨) તાલુકા કેડર

(3) ગ્રામ પંચાયત કેડર

(૪) સ્થાનિક કેડર

નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર (૧) (૨) અને (3)

(B) માત્ર (૧) (૨) અને (૪)

(C) માત્ર (૧) (3) અને (૪)

(D) (૧) (૨) (3) અને (૪)

41. નીચેના વિધાનો વિચારણામાં લઇને કયું/કયા વિધાન/વિધાનો સાચું/સાચાં છે તેનો વિકલ્પ પસંદ કરો -

(૧) પંચાયતની મતદાર યાદી સંબંધમાં કોઇ વ્યક્તિ પોતાનું નામ મતદાર યાદીમાં દાખલ કરવા માટે હક્કદાર છે કે નહીં તે સંબંધી કોઇ પ્રશ્ન વિચારવાની કે તેનો નિર્ણય કરવાની હકૂમત દીવાની કોર્ટની હોતી નથી

(૨) પંચાયતની મતદાર યાદીમાં કોઇ નોંધ દાખલ કરવા કે કાઢી નાંખવા સંબંધી ખોટુ એકરારનામું કે લેખિત નિવેદન કરે તો તેને એક વર્ષ સુધીની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા થઇ શકે છે

(A) માત્ર (૧)

(B) માત્ર (૨)

(C) બન્નેમાંથી એકેય નહીં

(D) બન્ને

42. પંચાયતોને ગ્રાન્ટ આપવાના હેતુસર રાજય સરકારે દર વર્ષે રાજયમાં છેવટના કેટલા મહેસૂલી વર્ષ દરમ્યાન ઉઘરાવેલી કે વસુલ કરેલી જમીન મહેસૂલની સરાસરી રકમ જેટલી રકમ નક્કી કરવાની હોય છે?

(A) બે

(B) ત્રણ

(C) ચાર

(D) પાંચ

43. ''સરકારની ટીકા'' માં શાનો સમાવેશ થાય છે ?

(૧) કેન્દ્ર સરકાર અથવા રાજય સરકારની કોઇપણ પ્રવર્તમાન અથવા તાજેતરની નીતિ અથવા પગલાની પ્રતિકુળ ટીકારૂપ નીવડનારી કોઇ હકીકત કે મંતવ્ય

(૨) કેન્દ્ર સરકાર અને કોઇપણ રાજય સરકાર વચ્ચેના સંબંધોમાં મુશ્કેલી પેદા કરનારી હકીકત કે મંતવ્ય

(3) કેન્દ્ર સરકાર અને કોઇપણ વિદેશી સરકાર વચ્ચેના સંબંધોમાં મુશ્કેલી પેદા કરનારી હકીકત કે મંતવ્ય

નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર (૧)

(B) માત્ર (૨)

(C) માત્ર (૧) અને (૨)

(D) (૧) (૨) અને (3)

44. કોઇપણ સંજોગોમાં રવાનગી માટેનું લખાણ કેટલા સમય કરતાં વધુ સમય માટે રોકી શકાશે નહીં?

(A) કચેરી કાર્યપધ્ધતિમાં આવી કોઇ જોગવાઇ નથી

(B) ૭૨ કલાક કરતાં વધુ સમય

(C) ૪૮ કલાક કરતાં વધુ સમય

(D) ૨૪ કલાક કરતાં વધુ સમય

45. નીચેના વિધાનો વિચારણામાં લો –

(૧) પંચાયત સેવાના કર્મચારીને મુખ્ય શિક્ષા કરવાના હુકમ સામે બોર્ડની સલાહની નકલ આપવામાં આવે છે.

(૨) પંચાયત સેવાના કર્મચારીને નાની શિક્ષા કરતાં પૂર્વે બોર્ડની સલાહ લીધી હોય તેવા કિસ્સામાં શિક્ષાના હુકમ સાથે બોર્ડની સલાહની નકલ આપવામાં આવતી નથી.

નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) બન્ને વિધાનો સાચાં છે

(B) બન્ને વિધાનો ખોટા છે

(C) વિધાન (૧) સાચું અને (૨) ખોટુ છે

(D) વિધાન (૧) ખોટુ અને (૨) સાચું છે

46. નીચેના વિધાનો વિચારણામાં લઇને યોગ્ય વિકલ્પ પસંદ કરો –

(૧) ડોકેટ પાનાવાળી પત્રવ્યવહારની ફાઇલોને નંબર આપવાની પધ્ધતિ અને મુદતી પત્રકોને નંબર આપવાની પધ્ધતિ એક સરખી હોય છે

(૨) મ.પ. (ખ) P.R. (B) રજીસ્ટર દરેક વર્ષ માટે નવુ રાખવાનું હોય છે

(A) વિધાન (૧) ખોટુ અને (૨) સાચું છે

(B) વિધાન (૧) સાચું અને (૨) ખોટું છે

(C) બન્ને વિધાનો સાચાં છે

(D) બન્ને વિધાનો ખોટા છે

47. પંચાયત સેવાના કર્મચારીને ફોજદારી તહોમત હેઠળ અથવા અન્યથા કેટલા સમયથી વધુ સમય માટે કસ્ટડીમાં અટકાયત હેઠળ રાખવામાં આવ્યો હોય તો, તેની અટકાયતની તારીખથી ફરજ મોકુફી હેઠળ મૂકયો હોવાનું ગણવામાં આવશે?

(A) ૪૮ કલાકથી

(B) ૨૪ કલાકથી

(C) ૩૬ કલાકથી

(D) ૯૬ કલાકથી

48. ગુજરાત વિધાનસભા સચિવાલય સાથેના પત્રવ્યવહારમાં, લખાણોના પ્રકારમાં ઉપયોગમાં લેવામાં આવતા પ્રકારો પૈકી કયા પ્રકારનો નમૂનો વાપરવાનો હોતો નથી?

(A) પરિપત્ર

(B) નીમસરકારી પત્ર

(C) યાદી

(D) શેરો

49. પંચાયત સેવાની તાલુકા કેડરોમાંથી નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી?

(A) કોટવાલ

(B) દાઇ

(C) આયા

(D) હમાલ

50. ગ્રામ પંચાયતની સમિતિઓ બાબતમાં નીચેનામાંથી કયુ વિધાન ખોટુ છે?

(૧) સામાજીક ન્યાય સમિતિની મુદત પંચાયતની મુદત જેટલી જ રહેશે

(૨) કારોબારી સમિતિની મુદત બે વર્ષની રહેશે અને તેની મુદત પૂરી થયે, સમિતિની ફરી રચના કરી શકાશે

(3) આ બન્ને સમિતિઓ સિવાયની દરેક સમિતિની મુદત એક વર્ષની રહેશે અને આ મુદત પૂરી થયે સમિતિની ફરી રચના કરી શકાશે

(A) માત્ર (૧)

(B) માત્ર (૨)

(C) માત્ર (૧) અને (3)

(D) માત્ર (3)

51. પંચાયતના કાર્યોની હેઠળ ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોને સોંપેલ કાર્યો અને ફરજો એક જ વિષયને લગતા હોય ત્યારે તે બેવડાય નહીં તેમજ કંઇપણ ગેરસમજના કારણે બીજી પંચાયત પર તેની જવાબદારી નાખી ન દેવાય તે માટે રાજય સરકાર ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કઇ કલમની જોગવાઇ હેઠળ લેખિત હુકમ કરે છે?

(A) ૨૩૮

(B) ૨૪૦

(C) ૨૩૭

(D) ૨૪૧

52. જિલ્લા પંચાયતની કઇ સમિતિના અધ્યક્ષ ઠરાવવામાં આવે તેવા દરે માનદ્વેતન મેળવવાને હક્કદાર હોય છે?

(A) ) માત્ર સામાજિક ન્યાય સમિતિ

(B) માત્ર શિક્ષણ સમિતિ

(C) સામાજિક ન્યાય સમિતિ અને શિક્ષણ સમિતિ બન્ને

(D) કારોબારી સમિતિ

53. નીચેનાં વિધાનો પૈકી કયું/ કયાં વિધાન/ વિધાનો સાચું/ સાચાં નથી?

(૧) સરકારી કર્મચારીઓના લાભ માટેની સહકારી મંડળીના વ્યવસ્થાપનમાં પંચાયત સેવાનો સભ્ય, સંબંધિત જિલ્લા પંચાયતની પૂર્વ મંજુરી સિવાય ભાગ લઇ શકશે

(૨) પંચાયત સેવાનો સભ્ય વૈજ્ઞાનિક પ્રકારનું પ્રાસંગિક કાર્ય સંબંધિત જિલ્લા પંચાયતની મંજુરીથી હાથ ધરી શકશે

(A) માત્ર (૧)

(B) (૧) અને (૨) બન્ને અયોગ્ય

(C) માત્ર (૨)

(D) (૧) અને (૨) બન્નેમાંથી એકેય અયોગ્ય નહીં

54. જે અધિકારીઓને કચેરીમાંથી ક્ષેત્ર (Field) કામ સોંપાય છે તેમના પ્રવાસ અને કાર્યની સમીક્ષા કચેરીના વડાએ કયારે કરવાની હોય છે?

(A) દર સોમવારે

(B) દર ગુરૂવારે

(C) દર પખવાડીયે

(D) દર પંદર દિવસે

55. પંચાયત સેવાના કર્મચારીના શિક્ષાત્મક હુકમની પોતાની મેળે અથવા અન્યથા પુનર્વિચારણા કરવાની સત્તા કોને છે?

(A) સરકાર

(B) ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

(C) જિલ્લા વિકાસ અધિકારી

(D) આવી કોઇ જોગવાઇ નિયમમાં નથી

56. ફાઇલોના વિષય માટેની ત્રિવર્ષ "મથાળાની પ્રમાણભૂત યાદી" માં કોઇ ફેરફાર કરવાનો હોય તો તે માટે સૌ પ્રથમ કોની પૂર્વમંજૂરી લેવાની હોય છે?

(A) કચેરીના વડાની

(B) શાખાના વડાની

(C) ખાતાના વડાની

(D) પ્રાદેશિક વડાની

57. પંચાયત સેવાના કર્મચારીને નિમણૂક અધિકારી અથવા જેના તાબામાં હોય એવા અધિકારી કયા સંજોગોમાં ફરજ મોકુફી હેઠળ મૂકી શકે છે?

(A) પંચાયત સેવાના કર્મચારી વિરૂધ્ધ શિસ્ત વિષયક કાર્યવાહી વિચારણામાં હોય અથવા પડતર હોય

(B) પંચાયત સેવાના કર્મચારી સામે નૈતિક અધઃપતન વાળા કોઇ ફોજદારી ગુના અંગેનો કેસ અન્વેષણ તપાસ અથવા ઇન્સાફી કાર્યવાહી હેઠળ હોય

(C) (A) અને (B) બન્ને કિસ્સામાં

(D) ઉપર પૈકી એકપણ નહીં

58. સરકારને અરજી કરવા માંગતા સરકારી કર્મચારીઓએ કે રાજય સેવાના અધિકારીઓએ વ્યક્તિગત રીતે અરજી કરવી જોઇએ તેવી જોગવાઇ કચેરી કાર્યપધ્ધતિના કયા નિયમમાં આપેલ છે?

(A) નિયમ-૫૪

(B) નિયમ-૫૫

(C) નિયમ-૫૬

(D) નિયમ-૫૩

59. ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૯૮ અમલમાં આવતા કયા નિયમો રદ કરવામાં આવેલ છે?

(A) ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭

(B) ગુજરાત પંચાયત સેવા ભરતી નિયમો, ૧૯૬૭

(C) ગુજરાત પંચાયત સેવા (વર્ગીકરણ અને ભરતી) નિયમો, ૧૯૬૭

(D) ગુજરાત પંચાયત સેવા ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭

60. નિયમોથી ઠરાવવામાં આવે તેવા વર્ગના અધિકારીને વધારેમાં વધારે કેટલી મુદત સુધી ગેરહાજર રહેવાની રજા મંજૂર કરવાની તાલુકા વિકાસ અધિકારીને સત્તા છે?

(A) એક મહિનાની

(B) બે મહિનાની

(C) ત્રણ મહિનાની

(D) ચાર મહિનાની

61. પંચાયતનો ચૂંટાયેલ કોઇ સભ્ય ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ-30 માં જણાવેલી ગેરલાયકાતો પૈકી કોઇપણ ગેરલાયકાત ધરાવે છે તેવો નિર્ણય યોગ્ય સત્તાધિકારી કરે તો, આવા નિર્ણયની તારીખથી કેટલી મુદતની અંદર નારાજ થયેલ વ્યક્તિ રાજય સરકારને અપીલ કરી શકે છે?

(A) પંદર દિવસ

(B) ત્રીસ દિવસ

(C) પિસ્તાલીસ દિવસ

(D) સાઈઠ દિવસ

62. વસૂલ કરી ન શકાય એવી રકમો માંડી વાળવાનો આદેશ કરવાની સત્તા કોની છે?

(A) જિલ્લા વિકાસ અધિકારીની

(B) જિલ્લા કલેકટરની

(C) વિકાસ કમિશનરની

(D) નાણા વિભાગની

63. નીચેનાં વિધાનો પૈકી કયું/ કયાં વિધાન/ વિધાનો સાચું/ સાચાં છે?

(૧) પંચાયત કર્મચારી કોઇ અદાલતી તપાસમાં સક્ષમ સત્તાધિકારીની પૂર્વ મંજુરી સિવાય પુરાવો આપી શકશે

(૨) પંચાયત કર્મચારી સક્ષમ અધિકારીની પૂર્વ મંજુરીથી પંચાયતે અથવા સરકારે નીમેલા સત્તાધિકારી સમક્ષની તપાસમાં પુરાવો આપી શકશે

(A) માત્ર (૨)

(B) માત્ર (૧)

(C) (૧) અને (૨) બન્ને

(D) બન્નેમાંથી એકેય નહીં

64. દફતરખાનામાં ફાઇલ મોકલતા પૂર્વે તે ફાઇલમાંથી નીચેનામાંથી કયા કાગળો કાઢી નાખવાના હોય છે?

(A) સ્મૃતિપત્રો

(B) વધારાની નકલો

(C) તાર

(D) ઉપરના ત્રણેય

65. પંચાયતના કર્મચારીના કુટુંબના કોઇપણ સભ્યને કંપની અથવા પેઢીમાં નોકરીની બાબતની જોગવાઇ ગુજરાત પંચાયત સેવા (વર્તણૂંક) નિયમો, નિયમો, ૧૯૯૮ના કયા નિયમમાં છે?

(A) નિયમ-૭

(B) નિયમ-૪

(C) નિયમ-૫

(D) નિયમ-૬

66. ખાતાના વડાની કચેરીના ફાઇલોનું વર્ગીકરણ થયા બાદ દર કેટલા વર્ષે તેનું પુનરાવલોકન કરતા રહેવુ જોઇએ?

(A) બે

(B) ત્રણ

(C) ચાર

(D) પાંચ

67. પંચાયત સેવાનો કર્મચારી ફરજ મોકુફીના હુકમ સામે, ફરજ મોકુફીનો હુકમ મળ્યા તારીખથી કેટલા દિવસમાં રાજય સરકારને અપીલ કરી શકે?

(A) ૩૦

(B) ૬૦

(C) ૪૫

(D) ૯૦

68. કર્મચારીની બદલી કે નવી નિમણૂકના પ્રસંગે દફતરનો હવાલો લેવા માટે બનાવવામાં આવતી ચાર્જ યાદી કેટલી નક્કલમાં બનાવવાની હોય છે?

(A) એક

(B) બે

(C) ચાર

(D) ત્રણ

69. પંચાયત સેવા હેઠળની કોઇ સેવામાં અથવા જગા પર નિમણૂક માટે શારીરિક યોગ્યતાની તબીબી તપાસ નીચેનામાંથી કઇ નિમણૂકમાં જરૂરી નથી?

(A) પંચાયત સેવામાં સીધી ભરતીથી નિમણૂક

(B) પહેલેથી જ પંચાયત સેવામાં હોય તેવી કોઇ વ્યક્તિની બઢતીથી નિમણૂક

(C) પહેલેથી જ પંચાયત સેવામાં હોય તેવી કોઇ વ્યક્તિની બદલીથી નિમણૂક

(D) (B) અને (C) બન્ને કિસ્સામાં

70. નીચેના પૈકી કઈ સેવા ઉપલા વર્ગ ની પંચાયત સેવા (વર્ગ-3) નથી ?

(A) હેડ વાયરમેન

(B) ડ્રેસર

(C) સ્ટોર કીપર

(D) ઇન્સેક્ટ કલેક્ટર

71. ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડના સભ્યો પૈકી ઓછામાં ઓછા કેટલા સભ્ય, રાજય સેવાના સભ્ય હોય અથવા એવી સેવામાંથી નિવૃત થઇ હોય એવી વ્યક્તિ હોવા જોઇએ?

(A) ૨

(B) ૩

(C) ૧

(D) આવી નિયમમાં જોગવાઇ નથી

72. એક વ્યક્તિ ગામની અંદર પોતાના ઢોરને રસ્તા પર રખડવા છુટા મૂકી દે છે અને આ પ્રકારના જ ગુના માટે ચોથી વાર દોષિત ઠરે છે તો તેને નીચેનામાંથી કઇ શિક્ષા થશે?

(A) એક મહિનાની મુદત સુધીની કેદની શિક્ષા થશે

(B) એક મહિનાની મુદત સુધીની કેદની અથવા ત્રણસો રૂપિયા સુધીનો દંડની અથવા તે બન્નેની શિક્ષા થશે

(C) છ મહિના સુધીની કેદની શિક્ષા થશે

(D) છ મહિના સુધીની કેદની અથવા પાંચસો રૂપિયા સુધીનો દંડની અથવા તે બન્નેની શિક્ષા

73. નીચેનામાંથી કયું / કયા વિધાન / વિધાનો સાચું / સાચાં છે?

(૧) પંચાયત સેવાના એક કર્મચારી તેમના પુત્રની વીમા એજન્સીના કામકાજના સમર્થનમાં પ્રચાર કરે છે

(૨) જિલ્લા પંચાયતની પૂર્વ મંજૂરી સિવાય પંચાયત સેવાના એક કર્મચારી એક મંડળમાં ચૂંટણીથી ભરાતી જગા માટેના ઉમેદવાર માટે પ્રચાર કરે છે

(A) માત્ર (૧)

(B) માત્ર (૨)

(C) બન્નેમાંથી એકેય નહિ

(D) (૧) અને (૨) બન્ને

74. કયા પ્રકારના વર્ગીકૃત કરેલા કેસને રજૂ કરવા સારૂ ચોખ્ખા બે દિવસ કરતાં વધારે સમય સુધી શાખામાં પડી રહેવા દેવા જોઇએ નહીં

(A) તાકીદનો કેસ

(B) ઘણો જરૂરી કેસ

(C) જરૂરી કેસ

(D) સામાન્ય કેસ

75. પંચાયતનો કોઇ કર્મચારી રાજકીય પક્ષને મદદરૂપે ફાળો આપી શકશે નહીં તેવી જોગવાઇ ગુજરાત પંચાયત સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૯૮ના કયા નિયમોમાં છે?

(A) નિયમ- ૫(૧)

(B) નિયમ- ૫(૨)

(C) નિયમ- ૫(૩)

(D) નિયમ- ૫(૪)

76. જિલ્લા કલેકટરોએ પોતાના મુખ્ય મથકે જનતાની ફરિયાદો સાંભળવા માટે દર અઠવાડિયાનો ..................... શકય હોય ત્યાં સુધી નક્કી રાખવો

(A) સોમવાર

(B) મંગળવાર

(C) બુધવાર

(D) ગુરૂવાર

77. ગુજરાત પંચાયત સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૯૭ના નિયમ-૬માં દર્શાવેલ શિક્ષાઓ કોણ કરી શકે છે?

(A) નિમણૂક અધિકારી

(B) શિસ્ત અધિકારી

(C) આ અંગે નિયમો સાથેના પરિશિષ્ટમાં ઠરાવેલ અધિકારી

(D) (A) અથવા (B) બન્નેમાંથી કોઇ અધિકારી

78. સાધારણ રાજયપત્ર કયારે પ્રસિધ્ધ થાય છે?

(A) દર ગુરૂવારે

(B) દર સોમવારે

(C) દર શનિવારે

(D) દર મંગળવારે

79. જે કોઇ જગાનો પંચાયત સેવામાં સમાવેશ થયો હોય તે સેવામાંની ભરતીને લગતા કોઇ નિયમોની કોઇપણ મજકૂરથી, રાજયમાંની અનુસૂચિત જાતિઓ બાબતમાં વયમર્યાદામાં છુટછાટ અંગે રાજય સરકારે કરેલા કોઇપણ હુકમોને અસર થશે નહીં તેવી જોગવાઇ ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૯૮ના કયા નિયમોમાં છે?

(A) ૨૨

(B) ૨૧

(C) ૨૦

(D) ૧૯

80. ગ્રામ પંચાયતમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટે અનામત રાખેલ બેઠકો તે ગામના જુદા જુદા વોર્ડોમાં ઠરાવેલી રીતે વારાફરતી ફાળવણી કોણ કરે છે?

(A) તાલુકા પંચાયત

(B) જિલ્લા પંચાયત

(C) વિકાસ કમિશનર

(D) રાજય ચૂંટણી પંચ

81. પંચાયતના સભ્યની કોઇ ચૂંટણીના કાયદેસરપણા વિશે વાંધો ઉઠાવવાની જોગવાઇ ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કઇ કલમમાં આપવામાં આવી છે?

(A) ૩૦ (B) ૩૧ (C) ૨૮ (D) ૩૨

82. ગ્રામ પંચાયતોનો કર વધારવાની સત્તા કોને છે?

(A) ગ્રામ પંચાયતને

(B) તાલુકા પંચાયતને

(C) જિલ્લા પંચાયતને

(D) વિકાસ કમિશનરને

83. નીચેના વિધાનો ધ્યાને લો.

(૧) પંચાયત કર્મચારી દાયજો લઇ શકશે નહીં પરંતુ દાયજો આપી શકશે

(૨) પંચાયત કર્મચારી દાયજો આપવામાં સહાય કરી શકશે

(3) યથા પ્રસંગ વર કે કન્યાના માતાપિતા પાસેથી દાયજો લઇ શકશે

નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો:

(A) માત્ર (૧) સાચું છે

(B) માત્ર (૧) અને (૨) સાચાં છે

(C) ત્રણેય સાચાં છે

(D) ત્રણેય ખોટા છે

84. પત્ર વ્યવહારના કયા પ્રકારમાં નીચેની તમામ લાક્ષણિક બાબતો હોય છે ?

(૧) ત્રીજા પુરૂષમાં તે લખાય છે

(૨) સામાન્ય રીતે બે સરકારી કચેરીઓ વચ્ચેના પત્રવ્યવહારમાં આ પ્રકારનો ઉપયોગ થાય છે

(3) રોજિંદા તથા પરચૂરણ હેતુસર તેનો ઉપયોગ થાય છે

નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો -

(A) યાદી

(B) પત્ર

(C) પરિપત્ર

(D) કચેરી હુકમ

85. “હડતાલ” માં સમાવેશ થાય છે –

(A) પંચાયત કર્મચારીઓએ સમૂહમાં જોડાઇને કામ બંધ કરવું

(B) પંચાયતના કર્મચારીઓએ સાથે મળીને કામ કરવાની ના પાડવી

(C) ઓવર-ટાઇમમાં કામ કરવાની જરૂર હોય ત્યારે આવુ કામ કરવાની ના પાડવી

(D) ઉપરના ત્રણેય

86. કચેરીના વડા દ્વારા દર ..................... માસમાં બધા કારકુનોનું દફતર નિરીક્ષણ થઇ જાય તે રીતે કાર્યક્રમનું આયોજન કરવાનું હોય છે

(A) બે

(B) ત્રણ

(C) ચાર

(D) છ

87. ગુજરાત પંચાયત સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૯૭ના નિયમ-૬માં કેટલા પ્રકારની શિક્ષા દર્શાવેલ છે?

(A) ૫

(B) ૬

(C) ૪

(D) ૭

88. અધિકારી જયારે પોતાને કેસ મળ્યાના અઠવાડિયા કે તેથી વધુ સમય બાદ તે કેસનો નિકાલ કરે ત્યારે તેણે તેની સહી ફરતે કયા રંગની શાહીથી કુંડાળુ કરવાનું હોય છે?

(A) લીલા રંગની

(B) લાલ રંગની

(C) કાળા રંગની

(D) જાંબલી રંગની

89. પંચાયત સેવામાં નિમણૂક માટે સારા ચારિત્ર્યનો પુરાવો કયારે રજૂ કરવાનો હોય છે?

(૧) પંચાયત સેવામાં પહેલેથી જ હોય તેવી વ્યક્તિની બઢતીથી નિમણૂક થાય ત્યારે

(૨) પંચાયત સેવામાં પહેલેથી જ હોય તેવી વ્યક્તિની બદલીથી નિમણૂક થાય ત્યારે

(૩) જો નિમણૂક ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ અથવા પસંદગી સમિતિ સાથે વિચાર વિનિમય કર્યા પછી કરવાની હોય

(૪) બીજા કોઇ કિસ્સામાં નિમણૂક સત્તાધિકારી ઠરાવે તો

નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર (૧) (૨) અને (૩)

(B) (૧) (૨) (૩) અને (૪)

(C) માત્ર (૩)

(D) માત્ર (૩) અને (૪)

90. પંચાયતના અથવા તેની સમિતિનો દરેક સભ્ય તથા પંચાયતે રાખેલો અથવા નોકરીમાં રાખેલો દરેક અધિકારી તથા નોકર ભારતના ફોજદારી કાયદાની કઇ કલમના અર્થ મુજબ રાજય સેવક ગણાશે?

(A) ૧૯ (B) ૨૦

(C) ૨૧ (D) ૨૫

91. કોઇ પંચાયતને ફાળવેલા અથવા તેમાં બદલી કરેલા અધિકારીઓની બાબતમાં રાજય સરકાર કેટલા વર્ષની મુદતની અંદર તેમની ફાળવણી વિષે ફરીથી વિચારણા કરવાની જોગવાઇ છે?

(A) ત્રણ વર્ષ

(B) પાંચ વર્ષ

(C) બે વર્ષ

(D) ચાર વર્ષ

92. ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળનાં સભ્ય મહત્તમ કેટલા વર્ષ ની વય સુધી સભ્યના હોદ્દા પર ચાલુ રહી શકે ?

(A) ૬૦

(B) ૬૫

(C) ૬૨

(D) ૫૮

93. નીચેનામાંથી કોની પૂર્વ મંજૂરી વિના અભિનંદન કે વિદાયનું માનપત્ર કે પોતાને અપાતું પ્રમાણપત્ર પંચાયત કર્મચારીથી સ્વીકારી શકાશે નહીં

(A) સરકારની

(B) ખાતાના વડાની

(C) કચેરીના વડાની

(D) વિકાસ કમિશનરની

94. નીચેના વિધાનો વિચારણામાં લો –

(૧) દફતરખંડમાં દફતરદારે કેવળ ક, ખ, ખ-૧ અને ગ વર્ગની ફાઇલોનો હવાલો સંભાળવાનો હોય છે

(૨) ઘ વર્ગની ફાઇલો મુદત પૂરી થાય એટલે દફતર કારકુને કચેરીના વડાની મંજૂરી મેળવી તેનો નાશ કરવાનો હોય છે

નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) વિધાન (૧) ખોટુ અને વિધાન (૨) સાચું

(B) વિધાન (૧) સાચું અને (૨) ખોટુ છે

(C) બન્ને વિધાનો સાચાં છે

(D) બન્ને વિધાનો ખોટા છે

95. ગુજરાત પંચાયત સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૮૮ના કયા નિયમમાં પ્રેસ અથવા અન્ય મીડિયા સાથે જોડાણ વ્યાખ્યાયિત કરેલ છે?

(A) નિયમ-૮

(B) નિયમ-૯

(C) નિયમ-૭

(D) નિયમ-૧૦

96. સંસદ / વિધાનસભાના સભ્યો તરફથી સીધા મળેલા પત્રોની નોંધ કચેરી કાર્યપધ્ધતિમાં નિયત થયેલ પરિશિષ્ટ ..................માં રાખવાની હોય છે

(A) ૧૩

(B) ૧૯

(C) ૩૨

(D) ૩૫

97. પંચાયત સેવાના કર્મચારી દ્વારા પ્રથમ અપીલ અધિકારીના શિક્ષાત્મક હુકમ સામે બીજી અપીલ કરવાની હોય તો, આ બીજી અપીલ પ્રથમ અપીલ અધિકારીના હુકમની તારીખથી કેટલા દિવસમાં કરવાની હોય છે?

(A) ૩૦

(B) ૬૦

(C) ૯૦

(D) ૪૫

98. નીચેના પૈકી કોની સાથે સચિવાલયના સંબંધિત વિભાગ દ્વારા જ પત્ર વ્યવહાર કરવાનો હોય છે?

(A) ભારત સરકાર

(B) અન્ય રાજ્ય સરકાર

(C) (A) અને (B) બન્ને

(D) ગુજરાત તકેદારી પંચ

99. ભારતના નાગરિકત્વ સંબંધી જોગવાઇઓ ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૯૮ના કયા નિયમમાં કરવામાં આવી છે?

(A) નિયમ-૨

(B) નિયમ-૬

(C) નિયમ-૭

(D) નિયમ-૮

100. પંચાયતની મિલ્કતના અનઅધિકૃત ભોગવટા અથવા કબજા માટે, પંચાયતે તે મિલ્કત ભાડે આપી હોત તો પંચાયતને ભાડાની જે રકમ આપવાની થઇ હોય તેનાથી કેટલા ગણી રકમ સુધીની રકમ પંચાયતને આપવાને પાત્ર થશે?

(A) બે ગણી

(B) ચાર ગણી

(C) ત્રણ ગણી

(D) પાંચ ગણી

---

પ્રશ્નપુસ્તિકા શ્રેણી

# M

**LL03**

**This Question Booklet Contains 24 Printed Pages**
**આ પ્રશ્નપત્રમાં કુલ 24 છાપેલાં પાનાં છે.**

સમય : 2 કલાક Time : 2 Hours

કુલ પ્રશ્નો : 100 Total Questions : 100

કુલ ગુણ : 100 Total Marks : 100

ઉમેદવારનો બેઠક નંબર: Roll no :

ઉમેદવારનો બેઠક ક્રમાંક :

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

**તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં**

M

**ઉમેદવારોને સૂચના :**

(1) આ કસોટીપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. પ્રશ્નની સાથે ચારેય વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. આ સાથે અલગ આપેલ ઉત્તરપત્ર (OMR SHEET)માં જ ઉત્તર આપવાના છે.

ઉદાહરણ તરીકે :

ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે ?

(A) સરદાર પટેલ (B) મહાત્મા ગાંધી

(C) સુભાષચંદ્ર બોઝ (D) વિનોબા ભાવે

ઉત્તરપત્ર (OMR SHEET)માં

Ⓐ ● Ⓒ Ⓓ

ઉપર્યુકત ઉદાહરણમાં જવાબ “B” છે. આથી “B”નું વર્તુળ કાળું (encode) કરેલ છે. વર્તુળ કાળું કરવા માટે કાળી અથવા વાદળી બોલપેન જ વાપરવી, પેન્સિલ કે સ્કેચપેન વાપરવી નહીં. ઉમેદવારોએ જવાબમાં “મહાત્મા ગાંધી” લખવું નહીં.

(2) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન ઉમેદવાર પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઈ છે.

(3) પ્રશ્નપત્ર ઉમેદવારને મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET) માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે.

(4) પ્રત્યેક સાચા જવાબદીઠ 1(એક) ગુણ મળવાપાત્ર થશે. આ વખતે બોર્ડ દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઈનસ પદ્ધતિ દાખલ કરવામાં આવી નથી.

(5) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિરીક્ષકની સહી કરાવી લેવી આવશ્યક છે. નિરીક્ષકની સહી વગરનું ઉત્તરપત્ર (OMR SHEET) તપાસવામાં આવશે નહીં.

(6) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(7) ઉત્તરપત્ર (OMR SHEET) ના પ્રમાણપત્રમાં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી હોવી ફરજિયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્રો (OMR SHEET) વાળા ઉમેદવારો ગેરલાયક ઠરશે. ઉમેદવારે પોતાની સહી સુવાચ્ય કરવાની રહેશે.

(8) આ પરીક્ષા “પુસ્તકો સાથે”ની છે, પરંતુ તે માટે પુસ્તકો તરીકે સરકારશ્રી દ્વારા બહાર પડાયેલ Bare Act/Rules (કોઇ પણ પ્રકારની ટીકા ટીપ્પણ કોમેન્ટ વિના) સાથે રાખી શકશો. પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી માન્ય પુસ્તકો સિવાયનું કોઈ પણ સાહિત્ય, ગાઈડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, પેજર, કેલ્કયુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(9) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(10) ઉમેદવારે વાદળી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી (White Ink), બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહીં

ઉમેદવારની સહી:______________________ ખંડ નિરીક્ષકની સહી:______________________

પરીક્ષા પૂરી થયા બાદ (OMR SHEET) ખંડ નિરીક્ષકને ખુલ્લું (કવરમાં મુકયા વગર) પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે.તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.

1. ગુજરાત મુલ્કી સેવા (ફરજ પર જોડાવાનો સમય,ફરજ મોકુફી વગેરે) નિયમો ૨૦૦૨ અન્વયે નિર્વાહભથ્થામાંથી કઇ કપાત કરી શકાશે નહી ?

(A) આવક વેરો

(B) વ્યવસાય વેરો

(C) પેશગીની વસુલાત

(D) સામાન્ય ભવિષ્યનિધિમાં ભરવાનો ફાળો

2. ભારતના સંવિધાનની કઈ કલમથી રાજ્યના આવક અને ખર્ચનુ પત્રક રાજ્ય વિધાનમંડળના ગૃહ સમક્ષ રજુ કરવામાં આવે છે?

(A) કલમ-૨૦૨

(B) કલમ-૬૭

(C) કલમ-૨૬

(D) કલમ-૬૯

3. ગુજરાત અંદાજપત્ર નિયમ સંગ્રહ પુસ્તક-૧ની જોગવાઇ મુજબ લેખાનુંદાન માટે નાણાકીય વર્ષના કોઇ પણ ભાગના અંદાજી ખર્ચ માટે અમુક રકમ અગાઉથી ઉપાડવાની મંજુરી નીચેના પૈકી કોણ આપે છે. ?

(A) નાણામંત્રીશ્રી

(B) મુખ્યમંત્રીશ્રી

(C) વિધાનસભા

(D) રાજ્યપાલશ્રી

4. નાણાકીય સત્તા (સોંપણી) નિયમો-૧૯૯૮માં કુલ કેટલા નિયમો આપેલ છે ?

(A) ૧ થી ૩૦

(B) ૧ થી ૩૫

(C) ૧ થી ૩૯

(D) ઉપર પૈકી એક પણ નહી

5. ગુજરાત નાણાકીય નિયમો-૧૯૭૧માં કરેલ જોગવાઇ મુજબ રાજ્યપત્રિત સરકારી કર્મચારીઓના હવાલાની ફેરબદલી અંગેનું કયા નિયત નમુનાનું ફોર્મ ભરી જેતે સત્તાધિકારીઓને મોકલવાનું હોય છે. ?

(A) ફોર્મ નં.૬

(B) ફોર્મ નં.૩

(C) ફોર્મ નં.૧૦

(D) ફોર્મ નં.૧૨

6. ગુજરાત અંદાજપત્ર નિયમ સંગ્રહમાં કરેલ જોગવાઇ મુજબ કોની મંજુરીથી વાર્ષિક નાણાકીય પત્રક અને વર્ષની ગ્રાંટ માટેની માંગણીઓ વિધાનસભા સમક્ષ રજુ કરાવશે?

(A) નાણાંમંત્રીશ્રી

(B) રાજ્યપાલશ્રી

(C) વિધાનસભાના અધ્યક્ષશ્રી

(D) ઉપરનામાંથી એક પણ નહી

7. ગુજરાત અંદાજપત્ર નિયમ સંગ્રહ પુસ્તક-૧માં જણાવ્યા મુજબ સંવિધાનની કઇ કલમ (આર્ટીકલ) અનુસાર આકસ્મિક ફંડની રચના કરવામાં આવેલ છે ?

(A) કલમ-૨૬૯

(B) કલમ-૨૬૭(૨)

(C) કલમ-૨૬૬(૧)

(D) કલમ-૨૬૮(૧)

8. ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો ૨૦૦૨ મુજબ કેટલા વર્ષની સેવા પછી સ્વૈચ્છિક નિવૃત્તિ લેતા પુરેપુરુ પેન્શન મળવાપાત્ર થાય ?

(A) ૧૫ વર્ષ

(B) ૧૮ વર્ષ

(C) ૧૦ વર્ષ

(D) ૨૦ વર્ષ

9. ગુજરાત નાણાંકીય નિયમો ૧૯૭૧ કઇ તારીખથી અમલમાં આવેલ છે?

(A) ૨૫મી જુલાઇ

(B) ૨૩મી ઓગષ્ટ

(C) ૨૩મી જુલાઇ

(D) ઉપર પૈકી એક પણ નહી

10. મુંબઇ આકસ્મિક ખર્ચ નિયમો ૧૯૫૯ની જોગવાઇ મુજબ ચુકવણી કરતા,સામી સહી કરતા અને નિયંત્રણ અધિકારીઓની યાદી કયા નંબરના પરિશિષ્ટમાં આપેલ છે ?

(A) પરિશિષ્ટ-૨

(B) પરિશિષ્ટ-3

(C) પરિશિષ્ટ-૪

(D) પરિશિષ્ટ-૫

11. ગુજરાત મુલ્કી સેવા (રહેણાંકના મકાનોમાં વસવાટ) વસવાટ નિયમો ૨૦૦૨ અન્વયે સરકારી કર્મચારીને રહેણાંક માટે આવાસ ફાળવણી બાદ કયા દરે માસિક ભાડુ ચુકવવાનુ રહે છે ?

(A) અધિકૃત ભોગવટાનું ભાડુ

(B) ધોરણસરનું ભાડુ

(C) આર્થિક ભાડુ

(D) ઉપર પૈકી એક પણ નહી.

12. ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો ૨૦૦૨ મુજબ વધુમા વધુ કેટલા પગારની મર્યાદામાં ગ્રેચ્યુટી (નિવૃત્તિ સમયે) મળવાપાત્ર થાય છે ?

(A) ૧૫ પગાર

(B) ૧૬ પગાર

(C) ૧૬.૫ પગાર

(D) ૧૭ પગાર

13. ગુજરાત અંદાજપત્ર નિયમ સંગ્રહ પુસ્તક-૧ની જોગવાઇ અનુસાર વર્ષ દરમ્યાન આવતી નવી યોજનાઓની વિચારણા કઇ સમિતિ ચકાસે છે. ?

(A) અંદાજ સમિતિ

(B) જાહેર હિસાબ સમિતિ

(C) ખર્ચ અગ્રતા સમિતિ

(D) મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં બનેલી સમિતિ

14. નાણાકીય સત્તા (સોંપણી) નિયમો-૧૯૯૮માં પ્રકરણ-૫ માં કયા નિયમો સબંધિત સત્તાઓ આપવામાં આવેલ છે ?

(A) મુંબઇ તિજોરી નિયમો

(B) મુંબઇ આકસ્મિક ખર્ચ નિયમો

(C) ગુજરાત નાણાકીય નિયમો

(D) ગુજરાત અંદાજપત્ર નિયમ સંગ્રહ

15. ગુજરાત નાણાકીય નિયમો-૧૯૭૧ અન્વયે બાકી રકમના માંગણા ચુકવવા બાબતની સુચનાઓ કયા નિયમમાં આપવામાં આવેલ છે. ?

(A) નિયમ-૪૮

(B) નિયમ-૭૮

(C) નિયમ-૫૫

(D) ઉપરનામાંથી એક પણ નહી.

16. ગ્રાંટની માંગણીવાળો અધિનીયમ વિધાનસભા પસાર કરે કે તરત કોના દ્વારા સચિવાલયના વિભાગોને જાણ કરવામાં આવે છે?

(A) વિધાનસભા

(B) નાણાં વિભાગ

(C) સામાન્ય વહીવટ વિભાગ

(D) નાણાં મંત્રીશ્રીનું કાર્યાલય

17. ગુજરાત અંદાજપત્ર નિયમ સંગ્રહ પુસ્તક-૧ની જોગવાઇ મુજબ રાજ્યના જાહેર હિસાબમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?

(A) પેશગીઓ

(B) ઉપલક

(C) પ્રકીર્ણ અને ભરણાં

(D) રાજ્યનું એકત્રિત ફંડ

18. ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો ૨૦૦૨ મુજબ સમાન/સમકક્ષ જગ્યાનો ચાર્જ/હવાલો સંભાળવા બદલ કેટલા ટકા ચાર્જ એલાઉન્સ મળવાપાત્ર થાય?

(A) ૨૦ ટકા

(B) ૧૫ ટકા

(C) ૧૦ ટકા

(D) ૫ ટકા

19. ગુજરાત નાણાકીય નિયમો-૧૯૭૧ અન્વયે મોટરકાર ખરીદી માટે પ્રવર્તમાન નિયમોને આધિન મહત્તમ કેટલા રુપિયા સુધીની પેશગી મળવાપાત્ર છે?

(A) રૂ. ૩ લાખ (B) રૂ. ૨.૫ લાખ

(C) રૂ. ૮ લાખ (D) રૂ. ૧૦ લાખ

20. મુંબઇ આકસ્મિક ખર્ચ નિયમો ૧૯૫૯ અન્વયે નીચેના પૈકી કયા સત્તાધિકારી વિવેકાધીન અનુદાન મંજુર કરવાની સત્તા નથી ?

(A) જિલ્લા ક્લેક્ટરશ્રીઓ

(B) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ

(C) શિક્ષણ નિયામકશ્રીઓ

(D) કચેરીના વડા

21. ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો ૨૦૦૨ અન્વયે બે કરતા ઓછા હયાત બાળકો ધરાવતા સ્ત્રી કર્મચારીને કેટલી પ્રસૂતિ રજા મળવાપાત્ર છે ?

(A) ૧૩૫ દિવસ (B) ૧૮૦ દિવસ

(C) ૩૬૦ દિવસ (D) ૧૨૦ દિવસ

22. મુંબઇ આકસ્મિક ખર્ચ નિયમો ૧૯૫૯ માં ભાગ-૨મા કુલ કેટલા વિભાગ છે ?

(A) ૨૫ વિભાગ

(B) ૩૫ વિભાગ

(C) ૧૯ વિભાગ

(D) ઉપરોક્ત પૈકી એક પણ નહી

23. જિલ્લા પંચાયતોને ચુકવવાપાત્ર ગ્રાંટને લગતા અંદાજોની માહિતી/જોગવાઇઓ કયા પ્રકરણમાં આપેલી છે?

(A) ગુજરાત અંદાજપત્ર નિયમ સંગ્રહ પુસ્તક-૨ના પ્રકરણ-૪

(B) ગુજરાત અંદાજપત્ર નિયમ સંગ્રહ પુસ્તક-૧ના પ્રકરણ-૬

(C) ગુજરાત અંદાજપત્ર નિયમ સંગ્રહ પુસ્તક-૧ના પ્રકરણ-૧૦

(D) ઉપરોક્ત પૈકી એક પણ નહી.

24. નાણાકીય સત્તા(સોંપણી) નિયમો ૧૯૯૮માં ગુજરાત નાણાકીય નિયમો સબંધિત સત્તાઓ કયા પ્રકરણમાં આપેલ છે ?

(A) ૨

(B) 3

(C) ૪

(D) ૫

25. ગુજરાત નાણાકીય નિયમો-૧૯૭૧ની જોગવાઇ અનુસાર કોઇ પણ લોન/પેશગી આપવા સામાન્ય રીતે લોનની રકમ કરતા ઓછામાં ઓછી કેટલા ટકા જેટલી વધુ હોય એવી જામીનગીરી સ્વીકારવાની જોગવાઇ છે?

(A) 33.33 ટકા

(B) ૧૨૦ ટકા

(C) ૧૫૦ ટકા

(D) ૮૦ ટકા

26. સરકારના જુદાં જુદાં ખાતાં વચ્ચે કોના દ્વારા હિસાબમેળ ઝડપથી અને સુનિશ્ચિત કરવામાં આવે છે?

(A)હિસાબ અને તિજોરી નિયામક

(B) એકાઉન્ટન્ટ જનરલ

(C)નાણાં વિભાગ

(D) ઉપરમાંથી એક પણ નહી

27. હિસાબોનું મુખ્ય સદર કેટલા આંકડા (ડીજીટ) નું હોય છે?

(A) ૦૫

(B) ૧૭

(C) ૦૭

(D) ઉપરોક્ત પૈકી એક પણ નહી

28. ગુજરાત મુલ્કી સેવા(પગાર) નિયમો ૨૦૦૨ મુજબ મળવાપાત્ર ચાર્જ એલાઉન્સ માટે કયા પગારધોરણ મુજબનો પગાર ધ્યાનમાં લેવામાં આવે છે?

(A) પાચમાં પગારપંચ મુજબ

(B) માત્ર પે બેન્ડ

(C) પે બેન્ડ અને ગ્રેડ પે બન્ને

(D) ઉપરમાંથી એક પણ નહી.

29. ગુજરાત નાણાકીય નિયમો-૧૯૭૧ મુજબ મોટર સાયકલ/સ્કુટર/મોપેડ ખરીદી માટે પ્રવર્તમાન નિયમોને આધિન મહ્ત્તમ કેટલા રુપિયા સુધીની પેશગી મળવાપાત્ર છે?

(A) રૂ.૪૦,૦૦૦

(B) રૂ.૪૫,૦૦૦

(C) રૂ. ૫૫,૦૦૦

(D) રૂ.૭૫,૦૦૦

30. મુંબઇ આકસ્મિક ખર્ચ નિયમો ૧૯૫૯ની જોગવાઇ મુજબ ગુપ્ત સેવા ખર્ચ અને બાતમીદારોને અપાતા ઇનામો માટે કયા નિયત ફોર્મમાં આકસ્મિક ખર્ચ રજીસ્ટર નિભાવવાનું હોય છે ?

(A) નમૂના-૫

(B) નમૂના-૪

(C) નમૂના-3

(D) નમૂના-૨

31. ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો ૨૦૦૨ અન્વયે સરકારી કર્મચારીને દર ૬ માસે કેટલી વખત પ્રાપ્ત રજા જમા આપવામાં આવે છે?

(A) ૨ વખત

(B) ૧ વખત

(C) 3 વખત

(D) ૬ વખત

32. મુંબઇ આકસ્મિક ખર્ચ નિયમો ૧૯૫૯ની જોગવાઇ મુજબ આકસ્મિક ખર્ચના કેટલા પ્રકાર છે?

(A) બે

(B) ચાર

(C) પાંચ (D) ત્રણ

33. ગુજરાત અંદાજપત્ર નિયમ સંગ્રહ પુસ્તક-૧ની જોગવાઇ મુજબ પંચાયતો પોતાની વિવેકબુધ્ધિ મુજબ જે ગ્રાંટનો ઉપયોગ કરે છે અને જેમાં ઉપયોગીતા પ્રમાણપત્ર આપવુ જરૂરી નથી તે કઇ ગ્રાંટ છે. ?

(A) મહેસુલી ગ્રાંટ (B) મુડીખર્ચની ગ્રાંટ

(C) વિવેકાધીન ગ્રાંટ (D) વૈધાનિક ગ્રાંટ

34. નાણાકીય સત્તા(સોંપણી) નિયમો ૧૯૯૮માં ગુજરાત અંદાજપત્ર નિયમ સંગ્રહ સબંધિત સત્તાઓ કયા પ્રકરણમાં આપેલ છે ?

(A) ૨ (B) ૩

(C) ૪ (D) ૫

35. ગુજરાત નાણાકીય નિયમો-૧૯૭૧માં કરેલ જોગવાઇ મુજબ મંજુર કરેલ લોન અને પેશગીની બાકી નીકળતી રકમનું વિગતો દર્શાવતુ વાર્ષિક પત્રક તે પછીના વર્ષની 30મી સપ્ટેમ્બર સુધીમાં સરકારશ્રીને મોકલવાનું પત્રક કયા નિયત ફોર્મમાં નિભાવવાનું હોય છે. ?

(A) ફોર્મ નં.૧૨ (B) ફોર્મ નં.૧૧

(C) ફોર્મ નં.૮ (D) ફોર્મ નં.૭

36. મંજુર કરેલ ગ્રાંટની મર્યાદામાં ખર્ચ થાય તે જોવાની જવાબદારી કોની છે?

(A) નાણાં વિભાગ

(B) સબંધિત વહીવટી વિભાગ

(C) ખાતાના વડા

(D) નિયંત્રણ અધિકારી

37. અંદાજપત્ર તૈયાર કરવાની જવાબદારી કોની છે?

(A) સબંધિત વહીવટી વિભાગ

(B) નાણા વિભાગ

(C) નાણાં મંત્રીશ્રીનું કાર્યાલય

(D) સામાન્ય વહીવટ વિભાગ

38. ગુજરાત મુલ્કી સેવા (પગાર આધારીત ભથ્થા) નિયમો ૨૦૦૨ અન્વયે કેટલા દિવસની રજા દરમ્યાન ઘર ભાડા ભથ્થુ અને સ્થાનિક વળતર ભથ્થુ પુરા દરે મળવાપાત્ર થાય છે?

(A) ૬૦ દિવસ

(B) ૯૦ દિવસ

(C) ૧૮૦ દિવસ

(D) ૩૬૦ દિવસ

39. ગુજરાત નાણાકીય નિયમો-૧૯૭૧ અન્વયે સરકારી કર્મચારીને મકાન/ફ્લેટ ખરીદી/બાંધકામ અને મોટરવાહન/મોટરસાયકલ/સ્કુટર/મોપેડ માટે ચુકવેલ પેશગી સબંધિત વસુલાતના વ્યક્તિગત હિસાબો(લેજર) કોણ નિભાવે છે ?

(A) એ.જી.કચેરી

(B) નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી

(C) ખાતાના વડાની કચેરી

(D) નાણા વિભાગ

40. મુંબઇ આકસ્મિક ખર્ચ નિયમો ૧૯૫૯ અન્વયે કાયમી પેશગી મંજુર કરવા માટે દર મહિનાના આકસ્મિક ખર્ચના બિલની રોકડ રકમો સાથે આગલા કેટલા સમયનું પત્રક મોકલવાનું રહે છે?

(A) ૦૬ માસનું

(B) ૧૨ માસનું

(C) ૦૯ માસનું

(D) ૦૩ માસનું

41. ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો ૨૦૦૨ની જોગવાઇ અન્વયે કર્મચારીને બઢતી મળ્યાની તારીખથી કેટલા સમયમાં પગાર બાંધણીનો વિકલ્પ આપવાનો રહે છે ?

(A) ૧ માસ
(B) ૨ માસ
(C) ૬ માસ
(D) 3 માસ

42. મુંબઇ આકસ્મિક ખર્ચ નિયમો ૧૯૫૯ અન્વયે સરકારી ટપાલ ટિકિટોની ખરીદી અંગેની જોગવાઈઓ જોતા નીચેના પૈકી કયુ વાક્ય સાચુ નથી ?

(A) પેટા વાઉચરની જરુરીયાત રહે છે.

(B) પેટા વાઉચરની જરુરીયાત નથી

(C) એકાઉન્ટ પેયી ચેકથી ચુકવણુ કરવાનુ રહે છે.

(D) ગ્રાંટની જરુરીયાત રહે છે.

43. ગુજરાત અંદાજપત્ર નિયમ સંગ્રહ પુસ્તક-૧ની જોગવાઇ અનુસાર નિયત નાણાકીય મર્યાદાથી વધુ હોય એવી "નવા ખર્ચ"માટેની તમામ દરખાસ્તો/યોજનાઓ નિયત તારીખ સુધીમાં કયા ફોર્મ નં.માં તૈયાર કરી નવી બાબત તરીકે મોકલી આપવામાં આવે છે. ?

(A) ફોર્મ નં. ૫
(B) ફોર્મ નં. ૮
(C) ફોર્મ નં. ૧૩
(D) ફોર્મ નં. ૯

44. નાણાકીય સત્તા (સોંપણી) નિયમો-૧૯૯૮માં પ્રકરણ-૪માં કયા નિયમો સબંધિત સત્તાઓ આપવામાં આવેલ છે ?

(A) મુંબઇ તિજોરી નિયમો

(B) મુંબઇ આકસ્મિક ખર્ચ નિયમો

(C) ગુજરાત નાણાકીય નિયમો

(D) ગુજરાત અંદાજપત્ર નિયમ સંગ્રહ

45. ગુજરાત નાણાકીય નિયમો-૧૯૭૧ અન્વયે નીચે પૈકી કઇ પેશગી રદ કરવામાં આવેલ છે. ?

(A) માત્ર અનાજ પેશગી

(B) માત્ર રજા પ્રવાસ પેશગી

(C) માત્ર પ્રવાસભથ્થા પેશગી

(D) ઉપરોક્ત તમામ પેશગીઓ રદ કરેલ છે.

46. ગુજરાત અંદાજપત્ર નિયમ સંગ્રહ પુસ્તક-૧ની જોગવાઇ અનુસાર રાજ્યના આકસ્મિક ખર્ચને પહોંચી વળવા જે આકસ્મિક ફંડની રચના કરવામાં આવેલ છે તે કેટલા રુપિયાનું છે. ?

(A) રૂ.૧૦૦ કરોડ

(B) રૂ.૧૫૦ કરોડ

(C) રૂ.૨૦૦ કરોડ

(D) ઉપરમાંથી એક પણ નહી

47. નાણાકીય સત્તા (સોંપણી) નિયમો-૧૯૯૮ કઇ તારીખના ઠરાવથી અમલમાં આવેલ છે?

(A) ૬, મે,૧૯૯૮

(B) ૬, જુન,૧૯૯૮

(C) ૬, જુલાઇ,૧૯૯૮

(D) ૬, ઓગસ્ટ,૧૯૯૮

48. ગુજરાત મુલ્કી સેવા (પગાર આધારીત ભથ્થા) નિયમો ૨૦૦૨ અન્વયે સાતમાં પગાર પંચ મુજબ તબીબી અધિકારીઓને કેટલા ટકા નોન-પ્રેક્ટીસીંગ ભથ્થુ મળવાપાત્ર થાય છે?

(A) ૨૫ ટકા

(B) ૨૦ ટકા

(C) ૧૫ ટકા

(D) ઉપરમાંથી એક પણ નહી.

49. ગુજરાત નાણાકીય નિયમો-૧૯૭૧માં કરેલ જોગવાઇ મુજબ કેટલા મહિના કરતા વધુ જુના હોય એવા માંગણા રજુ કરતી વખતે કચેરીના વડાએ બિલમાં વિલંબ/ઢીલ થવાનું કારણ જણાવવાનું હોય છે?

(A) ૩ માસ

(B) ૧૨ માસ

(C) ૬ માસ

(D) ૪ માસ

50. મુંબઇ આકસ્મિક ખર્ચ નિયમો ૧૯૫૯ મુજબ આકસ્મિક ખર્ચને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?

(A) પુરવઠાનું ખર્ચ

(B) સેવાનું ખર્ચ

(C) આનુષંગિક ખર્ચ

(D) ઉપરમાંથી એક પણ નહી.

51. ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો ૨૦૦૨ અન્વયે સાતમાં પગારપંચ મુજબ ગ્રેચ્યુટી ચુકવવાની મહત્તમ મર્યાદા કેટલી રકમની છે ?

(A) રૂ.૧૦ લાખ

(B) રૂ.૧૫ લાખ

(C) રૂ.૨૦ લાખ

(D) કોઇ મર્યાદા નથી

52. મુંબઇ આકસ્મિક ખર્ચ નિયમો ૧૯૫૯ મુજબ આકસ્મિક ખર્ચના રજીસ્ટરમાં નીચે પૈકી કોણે પોતાની ટુંકી સહી કરવાની હોય છે?

(A) કચેરીના વડાએ અથવા આ ફરજ સોંપવામાં આવેલ રાજ્યપત્રિત અધિકારીએ

(B) કોઇ પણ રાજ્યપત્રિત અધિકારીએ

(C) કચેરીના બિન-રાજ્યપત્રિત કર્મચારીએ

(D) ઉપરોક્ત પૈકી એક પણ નહી

53. ગુજરાત અંદાજપત્ર નિયમ સંગ્રહ પુસ્તક-૧ની જોગવાઇ અનુસાર નાણાકીય વર્ષ દરમ્યાનનું એવુ નવુ ખર્ચ/નવી સેવાનું ખર્ચ(મૂળ અંદાજપત્રમાં જોગવાઇ ન કરવામાં આવેલ) કે જે વિધાનમંડળના આગામી સત્ર સુધી મુલત્વી રાખી ન શકાય તેવુ ખર્ચ જે ફંડમાંથી પેશગી તરીકે મંજુર કરવામાં આવે છે તે ફંડ કયા નામે ઓળખાય છે. ?

(A) એકત્રિત ફંડ

(B) આકસ્મિક ફંડ

(C) જાહેર હિસાબ

(D) અનામત ફંડ

54. ગુજરાત મુલ્કી સેવા નિયમો ૨૦૦૨ કોના દ્વારા બહાર પાડવામાં આવેલ છે ?

(A) સામાન્ય વહીવટ વિભાગ

(B) નાણા વિભાગ

(C) ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ

(D) ઉપરોક્ત પૈકી એક પણ નહી

55. નાણાકીય સત્તા (સોંપણી) નિયમો-૧૯૯૮ મુજબ જિલ્લાના વડાને ચા/કોફી/ઠંડુ-પીણુ/હળવા નાસ્તા પેટે વ્યક્તિદીઠ કેટલા રુપિયા સુધી (વાર્ષિક મર્યાદાને આધિન) ખર્ચ કરવાની સત્તા છે?

(A) રૂ.૧૫

(B) રૂ.૨૦

(C) રૂ.૧૦

(D) રૂ.૫

56. નાણાકીય સત્તા (સોંપણી) નિયમો-૧૯૯૮ની જોગવાઇ મુજબ જેતે કર્મચારીને મોટરકાર પેશગી મંજુર કરવાની સત્તા કોને છે?

(A) કચેરીના વડાને

(B) ખાતાનાવડાને

(C) પ્રાદેશિક વડાને

(D) સબંધિત વહીવટી વિભાગને

57. નાણાકીય સત્તા (સોંપણી) નિયમો-૧૯૯૮ અન્વયે કોઇ સત્તાધિકારીને નિર્દિષ્ટ રીતે સોંપવામાં ન આવી હોય તેવી નાણાકીય સત્તાઓ કોનામાં નિહિત રહેશે?

(A) સામાન્ય વહીવટ વિભાગ

(B) નાણા વિભાગ

(C) સબંધિત વહીવટી વિભાગ

(D) હિસાબ અને તિજોરી નિયામક

58. ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થા) નિયમો ૨૦૦૨ અન્વયે પ્રવાસ દરમ્યાન કર્મચારીને રહેવા અને જમવાનું નિઃશુલ્ક પુરુ પાડવામાં આવે તો મળવાપાત્ર દરના કેટલા ટકા દૈનિક ભથ્થુ મળવાપાત્ર થાય ?

(A) ૧૦૦ ટકા

(B) ૫૦ ટકા

(C) ૨૫ ટકા

(D) 33 ટકા

59. ગુજરાત નાણાકીય નિયમો-૧૯૭૧ની જોગવાઇ મુજબ આકસ્મિક ખર્ચના બિલ અને આકસ્મિક ખર્ચના રજીસ્ટરનું રેકર્ડ કેટલા પુરા વર્ષ સુધી જાળવી રાખવાનું હોય છે?

(A) ૧ વર્ષ

(B) ૫ વર્ષ

(C) 3 વર્ષ

(D) ઉપરમાંથી એક પણ નહી

60. મુંબઇ આકસ્મિક ખર્ચ નિયમો ૧૯૫૯માં કુલ કેટલા પરિશિષ્ટ છે ?

(A) ૬

(B) ૧૦

(C) ૧૨

(D) ૮

61. ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો ૨૦૦૨ અન્વયે અધિકારી/કર્મચારીને તેના પેન્શનના વધુમાં વધુ કેટલા ટકા હિસ્સાનું ઉચ્ચક રોકડ રકમ (મૂડીકૃત રુપાંતર) મેળવવા હકદાર છે ?

(A) 30 ટકા

(B) ૪૦ ટકા

(C) ૫૦ ટકા

(D) 33 ટકા

62. મુંબઇ આકસ્મિક ખર્ચ નિયમો ૧૯૫૯ અન્વયે કોઇ પણ પેટા વાઉચરો કેટલા વર્ષ સુધી જાળવી રાખવા?

(A) પુરા ત્રણ વર્ષ

(B) પુરા એક વર્ષ

(C) પુરા દશ વર્ષ

(D) ઉપર પૈકી એક પણ નહી

63. ગુજરાત અંદાજપત્ર નિયમ સંગ્રહ પુસ્તક-૧ની જોગવાઇ અનુસાર કયા સંજોગોમાં બચત પરત સોંપણીના હુકમમાં બચત માટેના વિગતવાર ખુલાસા આપવાના રહેશે. ?

(A) અંદાજપત્રની કુલ જોગવાઇના વિનિયોગના ૫ ટકા

(B) અંદાજપત્રની કુલ જોગવાઇના વિનિયોગના ૧૦ ટકા અથવા રૂ. ૨ લાખ કે તેથી વધુ રકમ હોય ત્યારે

(C) અંદાજપત્રની કુલ જોગવાઇના વિનિયોગના ૧૦ ટકા અથવા રૂ.૫ લાખ કે તેથી વધુ રકમ હોય ત્યારે

(D) અંદાજપત્રની કુલ જોગવાઇના વિનિયોગના ૫ ટકા અથવા રૂ.૧ લાખ કે તેથી વધુ રકમ હોય ત્યારે

64. ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થા) નિયમો ૨૦૦૨ અન્વયે મહત્તમ પરિવહન ભથ્થુ કેટલુ મળવાપાત્ર છે ?

(A) માસિક રૂ.૭૨૦૦

(B) માસિક રૂ.૮૦૦

(C) માસિક રૂ.૪૦૦

(D) ઉપરોક્ત પૈકી એક પણ નહી

65. નાણાકીય સત્તા(સોંપણી) નિયમો-૧૯૯૮ની જોગવાઇ મુજબ અંશકાલીન સફાઇ કામદારોને ચુકવવા અંગેનું ખર્ચ મંજુર કરવાની સત્તા કોને છે?

(A) ખાતાના વડા

(B) સબંધિત વહીવટી વિભાગ

(C) કચેરીના વડા

(D) ઉપરનામાંથી કોઇપણને સત્તા નથી

66. નાણાકીય સત્તા (સોંપણી) નિયમો-૧૯૯૮ની જોગવાઇઓ મુજબ સરકારી મકાનમાં રૂ.૨૦,૦૦૦ સુધીના સુધારા-વધારાનો ખર્ચ મંજુર કરવાની સત્તા કોને છે?

(A) કચેરીના વડા

(B) પ્રાદેશિક વડા

(C) ખાતાના વડા

(D) સબંધિત વહીવટી વિભાગ

67. નાણાકીય સત્તા (સોંપણી) નિયમો-૧૯૯૮ની જોગવાઇ મુજબ નિયત શરતોને આધિન કોઇ પણ અધિકારીને ખાતાના વડા તરીકે જાહેર કરવાની સત્તા કોને છે?

(A) નાણા વિભાગ

(B) સામાન્ય વહીવટ વિભાગ

(C) સબંધિત વહીવટી વિભાગ

(D) ઉપરના પૈકી એક પણ નહી.

68. ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થા) નિયમો ૨૦૦૨ અન્વયે મુખ્ય મથક બહાર પ્રવાસ અથવા હંગામી બદલી વખતે ૧૮૦ દિવસ પછીના દિવસો માટે (૧૮૧ દિવસ થી) કેટલા ટકાના દરે દૈનિક ભથ્થુ મળવાપાત્ર થાય ?

(A) ૧૦૦ ટકા

(B) ૫૦ ટકા

(C) ૨૫ ટકા

(D) મળવાપાત્ર નથી

69. ગુજરાત નાણાકીય નિયમો-૧૯૭૧ની જોગવાઇ મુજબ વસ્તુ કે સેવાની ખરીદી માટે કરવામાં આવતા કરારની વિગતવાર સુચનાઓ/જોગવાઇઓ કયા નિયમ હેઠળ કરવામાં આવેલ છે. ?

(A) નિયમ-૮

(B) નિયમ-૯

(C) નિયમ-૩૮

(D) નિયમ-૧૫

70. મુંબઇ આકસ્મિક ખર્ચ નિયમો ૧૯૫૯માં જુદા જુદા સત્તાધિકારીઓની જવાબદારી ભાગ-૧ના કયા વિભાગમાં આપવામાં આવેલ છે?

(A) ૬ (B) ૮

(C) ૯ (D) ૧૦

71. ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો ૨૦૦૨ અન્વયે અધિકારી/કર્મચારીને નિવૃત્તિ વખતે વધુમાં વધુ કેટલી પ્રાપ્ત રજાનું રોકડમાં રુપાંતર મળવાપાત્ર છે. ?

(A) ૩૦૦ (B) ૩૧૫

(C) ૨૮૦ (D) ઉપરમાંથી એક પણ નહી

72. મુંબઇ આકસ્મિક ખર્ચ નિયમો ૧૯૫૯ની જોગવાઇ મુજબ તાબાની કચેરીઓ માટે કાયમી પેશગી મંજુર કરવાની સત્તા કોને છે ?

(A) ખાતાના વડા (B) કચેરીના વડા

(C) વિભાગીય વડા (D) સબંધિત વહીવટી વિભાગ

73. ગુજરાત અંદાજપત્ર નિયમ સંગ્રહ પુસ્તક-૧ની જોગવાઇ મુજબ સુધારેલ અંદાજો ફોર્મ નં.૧૪માં અલગ અલગ તૈયાર કરી નિયંત્રણ અધિકારીશ્રીઓ દ્વારા સબંધિત વહીવટી વિભાગોને દર વર્ષની કઇ તારીખ સુધી મોકલી આપવામાં આવે છે. ?

(A) ૧૫મી ડીસેમ્બર

(B) ૧૦મી ડિસેમ્બર

(C) ૧૫મી નવેમ્બર

(D) ૧૦મી નવેમ્બર

74. ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો ૨૦૦૨ અન્વયે બે કરતા ઓછા હયાત બાળકો ધરાવતા પુરુષ કર્મચારીને કેટલી પિતૃત્વ રજા મળવાપાત્ર છે ?

(A) ૧૫ દિવસ

(B) ૧૦ દિવસ

(C) ૩૦ દિવસ

(D) ૬૦ દિવસ

75. નાણાકીય સત્તા (સોંપણી) નિયમો-૧૯૯૮ અન્વયે સચિવાલય/ખાતાના વડાની કચેરીઓ સિવાયની કચેરીઓ માટે સરકારી પ્રેસોમાં એકઠા થયેલ રદ્દી કાગળનો દર નક્કી કરી કરાર કરવાની સત્તા કોને છે?

(A) કચેરીના વડા

(B) ખાતાના વડા

(C) સબંધિત જિલ્લા ક્લેક્ટરશ્રી

(D) પ્રાદેશિક વડા

76. નાણાકીય સત્તા (સોંપણી) નિયમો-૧૯૯૮ અન્વયે સરકારી કર્મચારીઓના હક્ક દાવા સિવાયના સરકાર સામેના રૂ.૫,૦૦૦ સુધીના દાવા કે જે લેણા થયાના ૩ વર્ષની અંદર રજુ ન કરેલ હોય તે મંજુર કરવાની સત્તા કોને છે?

(A) કચેરીના વડા

(B) ખાતાના વડા

(C) સબંધિત વહીવટી વિભાગ

(D) મંજુર કરી શકાય નહી.

77. ગુજરાત અંદાજ પત્ર નિયમ સંગ્રહમાં કરેલ જોગવાઇ મુજબ કઇ ગ્રાંટ વૈધાનિક ગ્રાંટ નથી ?

(A) વન ઉપજ ગ્રાંટ

(B) સ્ટેમ્પ ડ્યુટી ગ્રાંટ

(C) જમીન મહેસુલ ગ્રાંટ

(D) લેખન સામગ્રી ગ્રાંટ

78. ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો ૨૦૦૨ અન્વયે એક વર્ષ થી ઓછી નોકરી કરેલ સરકારી કર્મચારી કેટલા માસની નોટીસ આપી રાજ્ય સરકારની નોકરીમાંથી રાજીનામું આપી શકશે ?

(A) ૧ માસ

(B) ૩ માસ

(C) ૧ અઠવાડીયુ

(D) ઉપર પૈકી એક પણ નહી

79. ગુજરાત નાણાકીય નિયમો-૧૯૭૧ અન્વયે એવા ગૌણ કેસો કે જેમાં કેટલા રુપિયાથી ઓછી રકમનું નુકસાન થયુ હોય તો નિયમોનો આધીન હિસાબ તપાસણી અધિકારીને જાણ કરવાની રહેતી નથી. ?

(A) રૂ.૪,૦૦૦

(B) રૂ.૩,૦૦૦

(C) રૂ.૨,૫૦૦ (D) રૂ.૫૦૦

80. ગુજરાત મુલ્કી સેવા(રજા) નિયમો ૨૦૦૨ મુજબ નીચે પૈકી કઇ રજા એક બીજા સાથે જોડી શકાતી નથી ?

(A) પ્રસૂતિ રજા

(B) પ્રાપ્ત રજા

(C) રુપાંતરીત રજા

(D) આકસ્મિક(પરચુરણ) રજા

81. ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો ૨૦૦૨ અન્વયે સામાન્યતઃ એક અંગ્રેજી વર્ષ દરમ્યાન કેટલા થી વધુ પ્રસંગોએ સરકારી કર્મચારીની પ્રાપ્ત રજાઓ મંજુર કરવામાં આવશે નહી ?

(A) ૨ થી વધુ (B) ૩ થી વધુ

(C) ૬ થી વધુ (D) ૮ થી વધુ

82. મુંબઇ આકસ્મિક ખર્ચ નિયમો ૧૯૫૯ અન્વયે દર વર્ષે કયા માસમાં ડેડસ્ટોકની ચકાસણી કરી નિયત પ્રમાણપત્ર ખાતાના વડાને મોકલવાનું હોય છે?

(A) જાન્યુઆરી માસમાં

(B) જુન માસમાં

(C) જુલાઇ માસમાં

(D) ડિસેમ્બર માસમાં

83. ગુજરાત અંદાજપત્ર નિયમ સંગ્રહ પુસ્તક-૧ની જોગવાઇ મુજબ નિયંત્રણ અધિકારીએ આકસ્મિક ફંડની પેશગીમાંથી કરેલ ફાળવણી ઉપાડ અને વહેચણી અધિકારી દ્વારા કયા ફોર્મ નંબરના રજીસ્ટરમાં નોંધવામાં આવે છે?

(A) ફોર્મ નં.૧૪ (B) ફોર્મ નં.૧૨

(C) ફોર્મ નં.૧૩ (D) ફોર્મ નં.૧૧

84. ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો ૨૦૦૨ અન્વયે અધિકારી/કર્મચારી રાજીનામું આપે ત્યારે વધુમાં વધુ કેટલી પ્રાપ્ત રજાનું રોકડમાં રુપાંતર મળવાપાત્ર છે. ?

(A) 300

(B) ૧૫૦

(C) ૧૦૦

(D) મળવાપાત્ર નથી

85. નાણાકીય સત્તા (સોંપણી) નિયમો-૧૯૯૮ સંદર્ભે કોઇ નિયમ અંગેના અર્થઘટન/માર્ગદર્શન માટે તમામ વહીવટી વિભાગોના કયા અધિકારીશ્રીનું મંતવ્ય નાણાંવિભાગનું મંતવ્ય ગણાશે?

(A) નાયબ સચિવશ્રી

(B) સંયુક્ત સચિવશ્રી

(C) નાણાસલાહકારશ્રી

(D) અધિક સચિવશ્રી

86. નાણાકીય સત્તા (સોંપણી) નિયમો-૧૯૯૮ મુજબ કચેરીના વડા અને આકસ્મિક બીલ આકારવામાં હકદાર રાજયપત્રિત અધિકારીને આવર્તક ખર્ચ અન્વયે દરેક કેસમાં વાર્ષિક કેટલા રુપિયા સુધીનો ખર્ચ મંજુર કરવાની સત્તા છે?

(A) રૂ.૧૦,૦૦૦

(B) રૂ.૧૫,૦૦૦

(C) રૂ.૨૦,૦૦૦

(D) ઉપર પૈકી એક પણ નહી.

87. કોઇ ચોક્કસ બાબત નવી બાબત તરીકે વર્ગીકૃત કરવી કે કેમ એવી શંકા ઉભી થાય ત્યારે કોની સલાહ આખરી ગણાશે?

(A)સબંધિત ખાતાના વડા

(B)સામાન્ય વહીવટ વિભાગ

(C)સબંધિત વહીવટી વિભાગ

(D) નાણાં વિભાગ

88. ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો ૨૦૦૨ અન્વયે કચેરીના વડાએ વર્ષમાં કેટલી વાર સેવાપોથી અને સેવાપત્રકની ખરાઇ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે?

(A) ૦૧ વાર

(B) ૦૨ વાર

(C) ૦૬ વાર

(D) ઉપર પૈકી એક પણ નહી.

89. ગુજરાત નાણાકીય નિયમો-૧૯૭૧ની જોગવાઇ મુજબ સબંધિત અધિકારીએ મહિનામાં કેટલી વખત રોકડસિલકની ઓચિંતી તપાસ/ખરાઇ કરવી જોઇએ?

(A) 3 વખત

(B) ૪ વખત

(C) ૧ વખત

(D) ઉપરૌક્ત પૈકી એક પણ નહી

90. ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો ૨૦૦૨ મુજબ સરકારી અધિકારી/કર્મચારીની સેવાપોથીમાં ૧ વર્ષમાં કેટલી અર્ધપગારી રજા જમા કરવામાં આવે છે ?

(A) ૨૦

(B) 30

(C) ૪૦

(D) ઉપરમાંથી એક પણ

91. ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થા) નિયમો ૨૦૦૨ અન્વયે સરકારી કર્મચારી/અધિકારીની મુખ્ય મથકેની ૬ કલાકથી વધુ અને૧૨ કલાકથી વધુ ન હોય તો કેટલા ટકા દૈનિક ભથ્થુ મળવાપાત્ર થાય ?

(A) 33

(B) ૫૦

(C) 30

(D) દૈનિક ભથ્થુ મળવાપાત્ર નથી

92. મુંબઇ આકસ્મિક ખર્ચ નિયમો ૧૯૫૯ અન્વયે સામી સહી કરેલ આકસ્મિક ખર્ચની યાદી પરિશિષ્ટ-૧ના કયા નંબરના પત્રકમાં આપેલ છે ?

(A) પત્રક-૧

(B) પત્રક-૨

(C) પત્રક-3

(D) પત્રક-૪

93. ગુજરાત અંદાજપત્ર નિયમ સંગ્રહ પુસ્તક-૧ અન્વયે કામગીરી અંદાજપત્ર કેટલા ભાગમાં હોય છે?

(A) ત્રણ ભાગ

(B) ચાર ભાગ

(C) બે ભાગ

(D) પાંચ ભાગ

94. ગુજરાત અંદાજ પત્ર નિયમ સંગ્રહ પુસ્તક-૧માં જણાવ્યા મુજબ સંવિધાનની કઇ કલમ (આર્ટીકલ) અનુસાર એકત્રિત ફંડની રચના કરવામાં આવેલ છે ?

(A) કલમ-૨૬૬(૧)

(B) કલમ-૨૬૭(૨)

(C) કલમ-૨૬૭(૧)

(D) કલમ-૨૬૬(૨)

95. નાણાકીય સત્તા (સોંપણી) નિયમો-૧૯૯૮માં કુલ કેટલા પ્રકરણ આપેલ છે ?

(A) ૧ થી 3

(B) ૧ થી ૪

(C) ૧ થી ૫

(D) ૧ થી ૬

96. નાણાકીય સત્તા (સોંપણી) નિયમો-૧૯૯૮ની જોગવાઇ મુજબ કોપીયર્સ/ડુપ્લીકેટરો ખરીદવાની સત્તા કોને છે?

(A) કચેરીના વડા

(B) પ્રાદેશિક વડા

(C) ઉપાડ અને ચુકવણી અધિકારી

(D) ખાતાના વડા

97. મુખ્ય અંદાજપત્ર પ્રકાશનો કેટલા ભાગમાં તૈયાર કરવામાં આવે છે?

(A) બે

(B) ચાર

(C) ત્રણ

(D) એક

98. ગુજરાત મુલ્કી સેવા (ફરજ પર જોડાવાનો સમય,ફરજ મોકુફી વગેરે) નિયમો ૨૦૦૨ અન્વયે એકજ મુખ્ય મથકે કચેરી ખરેખર બદલાઇ હોય ત્યારે કેટલા દિવસનો ફરજ પર જોડાવાનો સમય મળવાપાત્ર છે?

(A) ૦૧ દિવસ

(B) ૦૨ દિવસ

(C) ૦૬ દિવસ

(D) મળવાપાત્ર નથી

99. ગુજરાત નાણાકીય નિયમો-૧૯૭૧ અન્વયે સબંધિત અધિકારીએ ઉચ્ચ અધિકારીને મહેકમની સુધારણાને લગતી દરખાસ્તનું પત્રક કયા નિયત નમુનામાં કરવાનું હોય છે. ?

(A) ફોર્મ નં. ૪

(B) ફોર્મ નં.૫

(C) ફોર્મ નં.૭

(D) ફોર્મ ન.૯

100. ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો ૨૦૦૨ મુજબ સાતમાં પગાર પંચ મુજબ ઓછામાં ઓછુ કેટલુ માસિક પેન્શન મળવાપાત્ર થાય છે ?

(A) રૂ. ૩૫૦૦

(B) રૂ. ૫૦૦૦

(C) રૂ. ૧૨૭૫

(D) રૂ. ૯૦૦૦

પ્રશ્નપુસ્તિકા શ્રેણી

**M**

**LL04**

**This Question Booklet Contains 24 Printed Pages**
**આ પ્રશ્નપત્રમાં કુલ 24 છાપેલાં પાનાં છે.**

| | |
|---|---|
| સમય : 2 કલાક | Time : 2 Hours |
| કુલ પ્રશ્નો : 100 | Total Questions : 100 |
| કુલ ગુણ : 100 | Total Marks : 100 |

ઉમેદવારનો બેઠક નંબર: Roll no :

ઉમેદવારનો બેઠક ક્રમાંક :

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

**તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં**

**ઉમેદવારોને સૂચના :**

(1) આ કસોટીપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. પ્રશ્નની સાથે ચારેય વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. આ સાથે અલગ આપેલ ઉત્તરપત્ર (OMR SHEET)માં જ ઉત્તર આપવાના છે.

ઉદાહરણ તરીકે :

ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે ?

(A) સરદાર પટેલ (B) મહાત્મા ગાંધી

(C) સુભાષચંદ્ર બોઝ (D) વિનોબા ભાવે

ઉત્તરપત્ર (OMR SHEET)માં

Ⓐ ● Ⓒ Ⓓ

ઉપર્યુકત ઉદાહરણમાં જવાબ “B” છે. આથી “B”નું વર્તુળ કાળું (encode) કરેલ છે. વર્તુળ કાળું કરવા માટે કાળી અથવા વાદળી બોલપેન જ વાપરવી, પેન્સિલ કે સ્કેચપેન વાપરવી નહીં. ઉમેદવારોએ જવાબમાં “મહાત્મા ગાંધી” લખવું નહીં.

(2) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન ઉમેદવાર પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઈ છે.

(3) પ્રશ્નપત્ર ઉમેદવારને મળે કે તરત જ ઉત્તરપત્ર (OMR SHEET) માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે.

(4) પ્રત્યેક સાચા જવાબદીઠ 1(એક) ગુણ મળવાપાત્ર થશે. આ વખતે બોર્ડ દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઈનસ પદ્ધતિ દાખલ કરવામાં આવી નથી.

(5) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિરીક્ષકની સહી કરાવી લેવી આવશ્યક છે. નિરીક્ષકની સહી વગરનું ઉત્તરપત્ર (OMR SHEET) તપાસવામાં આવશે નહીં.

(6) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(7) ઉત્તરપત્ર (OMR SHEET) ના પ્રમાણપત્રમાં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી હોવી ફરજિયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્રો (OMR SHEET) વાળા ઉમેદવારો ગેરલાયક ઠરશે. ઉમેદવારે પોતાની સહી સુવાચ્ય કરવાની રહેશે.

(8) આ પરીક્ષા “પુસ્તકો સાથે”ની છે, પરંતુ તે માટે પુસ્તકો તરીકે સરકારશ્રી દ્વારા બહાર પડાયેલ Bare Act/Rules (કોઇ પણ પ્રકારની ટીકા ટીપ્પણ કોમેન્ટ વિના) સાથે રાખી શકશો. પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી માન્ય પુસ્તકો સિવાયનું કોઈ પણ સાહિત્ય, ગાઈડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, પેજર, કેલ્કયુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(9) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(10) ઉમેદવારે વાદળી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી (White Ink), બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહીં

ઉમેદવારની સહી:______________________ ખંડ નિરીક્ષકની સહી:______________________

પરીક્ષા પૂરી થયા બાદ (OMR SHEET) ખંડ નિરીક્ષકને ખુલ્લું (કવરમાં મુકયા વગર) પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે.તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.

M

1. તાલુકાપંચાયતમાં ગુજરાત પંચાયત ધારા1993 અનુસાર કઈ સમિતિઓની રચના ફરજિયાત છે?

(A) કારોબારી સમિતિ

(B) સામાજિક ન્યાય સમિતિ

(C) ઉપરોક્ત બંને

(D) ઉપરનામાંથી એકેય નહીં

2. રાઈટ ટુ એજ્યુકેશન (RTE) હેઠળ કેટલા ટકા અનામત બાળકોની જોગવાઈ છે?

(A) 12%

(B) 18%

(C) 25%

(D) 32%

3. મનરેગાના અમલમાં રોજગારી પૂરી પાડવા માટેનું એકમ કયું છે?

(A) વ્યક્તિ

(B) પરિવાર

(C) ગામ

(D) તાલુકો

4. રાષ્ટ્રપતિની ચૂંટણી કોણ કરે છે?

(A) લોકસભા અને રાજ્ય સભાના સભ્યો

(B) પ્રધાનમંડળ તથા વડાપ્રધાન

(C) લોકસભા, રાજ્યસભા તથા રાજયોની વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો

(D) લોકસભા તથા રાજ્યની વિધાનસભાના સભ્યો

5. મનરેગા યોજનાના કામોની પંચાયતના વિવિધ સ્તર પર ઓછામાં ઓછું કેટલીવાર સમીક્ષા કરવી જોઈએ?

(A) ત્રિમાસિક એકવાર

(B) દર પંદર દિવસે એકવાર

(C) મહિનામાં એકવાર

(D) દર અઠવાડિયે એક દિવસ

6. નીચેના પૈકી કયા સંજોગોમાં ચૂંટણીની બાબતોમાં અદાલતોના હસ્તક્ષેપને બાકાત રાખવામા આવે છે?

1. મત વિસ્તારોનું સીમાંકન

2. મત વિસ્તારો માટેની બેઠકોની ફાળવણી

નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 (B) ફક્ત 2

(C) 1 અને 2 બન્ને (D) એક પણ નહીં

7. કોઈ વિસ્તાર અસરગ્રસ્ત હોય તે મુદત દરમિયાન આપત્તિ વ્યવસ્થાપન યોજના અનુસાર કલમ 21(1) મુજબ તાકીદની રાહત પૂરી પાડવા રાહત કમિશનર કોને આદેશો આપી શકશે?

(A) હકૂમત ધરાવતા કલેકટર

(B) સંબધિત વિકાસ કમિશનર

(C) સ્થાનિક સત્તા મંડળ

(D) ઉકત A અને C બંનેને

8. રાજ્ય સરકારને બંધારણની ક્યા અનુચ્છેદ હેઠળ ગામડામાં પંચાયત સ્થાપવાની સત્તા આપવામાં આવે છે?

(A) અનુચ્છેદ 40

(B) અનુચ્છેદ 58

(C) અનુચ્છેદ 57

(D) અનુચ્છેદ 50

9. પંચાયતી રાજમાં અનુસુચિત જાતી, અનુસુચિત જનજાતિ તથા મહિલાઓને પ્રતિનિધિત્વ આપ્યું છે, ....

(A) કેવળ પંચાયતોમાં

(B) કેવળ પંચાયત સમિતિમાં

(C) કેવળ જિલ્લા પરિષદોમાં

(D) તમામ A, B, C માં

10. હાલમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ ખાતે કેટલા બસસ્ટેશન અને કેટલા કંટ્રોલ પોઈન્ટ પર વાઈ-ફાઈની સુવિધા ઉપલબ્ધ છે ?

(A) 102 બસ સ્ટેશન 100 કંટ્રોલ પોઈન્ટ

(B) 82 બસ સ્ટેશન 7 કંટ્રોલ પોઈન્ટ

(C) 30 બસ સ્ટેશન 100 કંટ્રોલ પોઈન્ટ

(D) 50 બસ સ્ટેશન 50 કંટ્રોલ પોઈન્ટ

11. નીચેના વિધાનો પૈકી કયું /કયાં વિધાન/ વિધાનો સાચાં/ સાચાં છે?

1. તાલુકાની વસ્તી 1 લાખ કરતાં ઓછી હોય તો તાલુકા પંચાયતની બેઠકો 15 હોય

2. તાલુકાની વસ્તી 1 લાખ કરતાં વધુ હોય તો તાલુકા પંચાયતની બેઠકો દર 25,000ની વસ્તી દીઠ બે વધે

3. તાલુકા પંચાયતની બેઠકોની સંખ્યા વધુમાં વધુ 31 હોય

4. તાલુકા પંચાયતની બેઠકોની સંખ્યા ઓછામાં ઓછી 21 હોય

(A) માત્ર 1 અને 2 (B) માત્ર 2 અને 3

(C) માત્ર 3 અને 4 (D) માત્ર 1 અને 4

12. બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતોમાં રાજ્યોમાં ગ્રામપંચાયતોની રચના થાય તેવો આદર્શ કોણે આપ્યો હતો?

(A) સરદાર પટેલ

(B) ગાંધીજી

(C) જવાહરલાલ નેહરૂ

(D) કનૈયાલાલ મુન્શી

13. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર બાંયધરી ધારો (મનરેગા) ક્યારે ઘડાયો ?

(A) 2008
(B) 2007
(C) 2006
(D) 2005

14. પંચાયતી રાજ પ્રણાલી કયા સિદ્ધાંત પર આધારિત છે?

(A) પ્રમુખશાહી પધ્ધતિ

(B) સત્તાનું વિકેન્દ્રીકારણ

(C) સંસદીય લોકતંત્ર

(D) સર્વોચ્ચ અદાલતની સર્વોપરિતા

15. મનરેગા યોજના હેઠળના શ્રમિકોના સંગઠન અર્થાત કામદારોના જૂથોના કાર્યોમાં કઈ બાબત સમાવિષ્ટ થતી નથી?

(A) યોજના હેઠળ પ્રાપ્ત થતાં અધિકારોને વ્યકતીગત રીતે ઉતારવામાં આવે

(B) કાર્યસ્થળની આપેલ તારીખે તપાસણી માટે મુલાકાત લેવી

(C) ગુણવત્તાભર્યું કામ અપેક્ષિત સ્તર સુધી થાય તે સુનિશ્ચિત કરવું

(D) ફરિયાદોને સામુહિક રીતે ઉઠાવવી

16. બtધારણની રાજ્યસૂચિમાં નીચેના પૈકી કયો વિષય નથી?

(A) મહેસૂલ
(B) કૃષિ
(C) વીમો
(D) સટ્ટા બાજી

17. આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ દ્વારા રાજ્ય સરકારને દર વર્ષે રજૂ થતાં વાર્ષિક અહેવાલમાં કઈ બાબતો સમાવિષ્ટ થશે?

1. અગાઉના વર્ષની પ્રવુતિઓનો પૂરેપૂરો સાચો અને યોગ્ય અહેવાલ

2. આગામી વર્ષમાં હાથ ધરનાર હોય તેવી કાર્યયોજના

3. સત્તામંડળના નાણાકીય ભંડોળ, હિસાબો અને ઓડિટ અહેવાલ

4. આધાર વિહીન આપત્તિ ઘટનાનું ખોટું અનુમાન કરી લોકોમાં આતંક ફેલાવેલ હોય તેવી ઘટના

નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2 અને 3

(B) માત્ર 1 અને 3

(C) માત્ર 1 અને 2

(D) 1, 2, 3 અને 4

18. ભારતીય બંધારણની પાંચમી અને છઠ્ઠી અનુસૂચિની જોગવાઇઓ શેના માટે કરવામાં આવી છે ?

(A) અનુસુચિત જનજાતિઓના હિતોનું રક્ષણ

(B) પંચાયતોની સત્તા અને જવાબદારીઓ નક્કી કરવા

(C) રાજ્યો વચ્ચેની સીમાઓ નક્કી કરવા

(D) તમામ સરહદી રાજયોના હિતોનું રક્ષણ કરવા

19. ભારતમાં પંચાયતી રાજ પ્રણાલિની શરૂઆત કયારે થઈ હતી?

(A) 5 જુલાઈ 1957, ફૈઝાબાદ

(B) 2 ઓક્ટોબર 1959, નાગૌર

(C) 14 નવેમ્બર 1959, અમદાવાદ

(D) 3 ડિસેમ્બર 1960, ભોપાલ

20. રાજ્યસરકારની વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ટ્રાઈબલ વિસ્તારોમાં કઈ પ્રવૃતિઓ આવરી લેવાયેલ છે?

(A) યુવાનોને વ્યાવસાયિક તાલીમ આપવી

(B) માળખાગત સુવિધાઓ પૂરી પાડવી

(C) શિક્ષણ ક્ષેત્રે સવલતો પૂરી પાડવી

(D) ઉકત તમામ

21. જિલ્લા સમકારી ફંડનો ઉપયોગ શાને માટે થાય છે?

(A) તાલુકા પંચાયતને લોન આપવા માટે

(B) જિલ્લાની સામાજિક અને આર્થિક અસમાનતા ઘટાડવા માટે

(C) ગ્રામ પંચાયતોને લોન આપવા માટે

(D) જીલ્લામાં પાણીની પ્રાપ્યતા વધારવાના કામ માટે

22. ગ્રામ સભાના પ્રમુખ ઉદ્દેશોમાં નીચેનામાંથી કઈ બાબતોનો સમાવેશ થતો નથી?

(A) અધિકારી – કર્મચારી અને લોકો વચ્ચે સુમેળભર્યા સંવાદની તક

(B) ગરીબો અને મહિલાઓને રજૂઆત કરવાની તક

(C) ગ્રામ વનવિકાસ તથા સમરસ ગ્રામનિર્માણ

(D) લોકશક્તિકરણ તથા લોકભાગીદારી

23. મનરેગાનો ઉદ્દેશ શો છે ?

1. ગ્રામ વિસ્તારોના સૌથી નબળા લોકોને રોજગારી પૂરી પાડવી

2. ગામડામાં પાણીની સુરક્ષામાં વધારો કરવો

3. ગ્રામજનો માટે જીવન નિર્વાહની સુરક્ષા ઊભી કરવી

4. વિકેન્દ્રિત અને ભાગીદારી પૂર્ણ આયોજનને મજબૂત કરવું

ઉપરનામાંથી શું સાચું છે?

(A) માત્ર 1, 2, 3

(B) માત્ર 2, 3, 4

(C) 1, 2, 3 અને 4

(D) માત્ર 1, 4

24. કર્મચારીઓની નોકરી અંગેના અધિકારો બંધારણના કયા અનુચ્છેદમાં દર્શાવેલ છે?

(A) અનુચ્છેદ 311

(B) અનુચ્છેદ 314

(C) અનુચ્છેદ 310

(D) અનુચ્છેદ 312

25. મનરેગાના કામોના ગુણવત્તા વ્યવસ્થાપનના ઉદ્દેશો નીચેના પૈકી કયા છે?

(A) નિર્માણ કરવામાં આવેલ અસ્કયામતો તેમના ઉદ્દેશો પાર પાડે તે સુનિશ્ચિત કરવું

(B) અસ્ક્યામત ટકાઉ છે તે સુનિશ્ચિત કરવું

(C) અસ્ક્યામતનું નિર્માણ ઈજનેરી ધોરણો જેમાં ડિઝાઇન, માલસામાન અને કામની કાબેલિયત સદ્ધર હોય

(D) ઉકત તમામ

26. ભારતીય બંધારણના સંદર્ભમાં કયું જોડકું સાચું નથી?

(A) વન - સમવર્તી સૂચિ

(B) સ્ટોક એક્સચેન્જ - સમવર્તી સૂચિ

(C) પોસ્ટ ઓફિસ બેન્ક – સંઘીય સૂચિ

(D) લોક સ્વાસ્થય - રાજ્ય સૂચિ

27. આ અધિનિયમો , નિયમો ,વિનિયમો કે હુકમની જોગવાઈઓ અનુસાર કરેલ કોઈ કાર્ય માટે

"આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ અથવા સંબંધિત અધિકારી સામે કોઈ દાવો ફરિયાદ અથવા કાનૂની કાર્યવાહી થઈ શકશે નહીં "તેવી જોગવાઈ કઈ કલમમાં કરેલ છે?

(A) કલમ 47

(B) કલમ 46

(C) કલમ 45

(D) કલમ 44(1)

28. ભારતીય બંધારણમાં કયા સુધારાથી મતદાર નાગરિકોની લઘુત્તમ વય મર્યાદા 21 થી ઘટાડીને 18 કરવામાં આવી છે?

(A) 46 મો સુધારો

(B) 61 મો સુધારો

(C) 58 મો સુધારો

(D) 62 મો સુધારો

29. ઋગ્વેદમાં ગામડાના વડા તરીકે ચૂંટાતા વ્યક્તિનો ઉલ્લેખ કયા નામે કરવામાં આવતો હતો?

(A) ગોવિકર્તા

(B) ગ્રામિણિ

(C) દૂત

(D) સેનાની

30. રાજ્યની સગર્ભા માતાઓને ત્રણ હપ્તામાં રૂ. 1000, 2000 અને 2000 એમ કુલ રૂ. 5000 ની સહાય કઈ યોજના અંતર્ગત આપવામાં આવે છે?

(A) આરોગ્ય સુરક્ષા યોજના

(B) ચિરંજીવી યોજના

(C) પ્રધાનમંત્રી માતૃવંદના યોજના

(D) ન્યુટ્રિશન આરોગ્ય પરિયોજના

31. જિલ્લા પંચાયતને આવક શેનામાંથી થાય છે?

1. જમીન મહેસૂલ ઉપકર 2. સ્ટેમ્પ ડ્યૂટિમાં વધારો

3. આબકારી જકાત 4. રાજ્ય સરકારનું અનુદાન

ઉપરનામાંથી શું સાચું છે?

(A) માત્ર 1, 2 અને 3

(B) માત્ર 1, 2 અને 4

(C) માત્ર 2, 3, 4

(D) માત્ર 3, 4

32. જાહેર રોજગારીની બાબતમાં તકની સમાનતા બંધારણની કયા અનુચ્છેદ મુજબ આપવામાં આવે છે?

(A) અનુચ્છેદ – 14

(B) અનુચ્છેદ – 15

(C) અનુચ્છેદ – 16

(D) અનુચ્છેદ – 17

33. મનરેગાના સંદર્ભમાં નીચેના વિધાનો વાંચો.

1. તે કામનો બંધારણીય મૂળભૂત હક્ક ઊભો કરે છે

2. તે રોજગારીનો કાનૂની હક્ક ઉભો કરે છે

3. તે સવેતન રોજગારીની કાનૂની બાંયધરી આપે છે

4. તે માંગ આધારિત રોજગારી સર્જન યોજના છે

ઉપરનામાંથી શું સાચું છે?

(A) 1, 2, 3 અને 4

(B) માત્ર 1,2,3

(C) માત્ર 2, 3, 4

(D) ફક્ત 4

34. ભારતીય બંધારણ અંતગર્ત નીચેનામાંથી કયું મૂળ કર્તવ્ય નથી?

(A) વૈજ્ઞાનિક મનોવલણ વિકસિત કરવા

(B) જાહેર ચૂંટણીમાં મતદાન કરવું

(C) જાહેર મિલ્કતનું રક્ષણ કરવું

(D) બંધારણ પ્રત્યે નિષ્ઠાવાન રહેવું અને તેના આદર્શોનું સન્માન કરવુ?

35. મનરેગા યોજના અમલીકરણ બાબતમાં ઓમ્બડસમેન ને નાણાકીય ભ્રષ્ટાચાર આચરેલ હોવા અંગેની ફરિયાદ મળશે તો ઓમ્બડસમેન દ્વારા શું કાર્યવાહી કરવામાં આવશે?

(A) બેરોજગારી ભથ્થાની ચુકવણીમાં ભ્રષ્ટાચાર હોય તો વસૂલાત કરવાનો હુકમ કરશે

(B) કોન્ટ્રાકટર વિરૂધ્ધ હોય તો તેને સત્વરે “બ્લેક લિસ્ટ “કરવા કાર્યવાહી કરશે

(C) ભ્રષ્ટાચારની બાબત સુયોગ્ય અધિકારીને મોકલી, ફોજદારી ગુન્હો દાખલ કરવા માટે મંજૂરી માંગશે

(D) ભ્રષ્ટાચારમાં સંડોવાયેલ રકમની ચોકસાઇ કરી મુખ્ય સચિવને રિપોર્ટ મોકલવામાં આવશે

36. કોને પક્ષાંતર ધારામાંથી મુક્તિ આપવામાં આવી છે?

(A) લોકસભાના અધ્યક્ષ

(B) લોકસભાના ઉપાધ્યક્ષ

(C) રાજ્યસભાના સભાપતિ

(D) ઉકત તમામને

37. કલમ 49 અંતર્ગત ‘વિસર્જિત સત્તામંડળ’ તરીકે કોને ગણવામાં આવે છે?

(A) ભારત સરકારના કાયદા હેઠળ નોંધાયેલ સત્તામંડળ

(B) મંડળી રજીસ્ટ્રેશન અધિનિયમ 1860 હેઠળ નોંધાયેલ મંડળી

(C) ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ અમલીકરણ પૂર્વે જાહેર હિતમાં કાર્ય કરતાં NGO

(D) બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધાયેલ સંસ્થા

38. સંયુક્ત રાજ્ય લોકસેવા આયોગ ની નિમણૂક કોણ કરી શકે છે ?

(A) રાષ્ટ્રપતિ

(B) રાજયપાલ

(C) રાજયનું પ્રધાન મંડળ

(D) ભારતની સંસદ

39. ભારતમાં આધુનિક પંચાયતી રાજનો પાયો કોણે નાખ્યો?

(A) લોર્ડ મેયો

(B) રોબર્ટ ક્લાઈવ

(C) લોર્ડ રિપન

(D) લોર્ડ કર્ઝન

40. વિકાસ અને શાસનમાં નવી શોધ માટે સારુ પ્રદર્શન કરનાર કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીને પ્રોત્સાહનના ભાગ રૂપે વ્યક્તિગત પુરસ્કાર કેટલી રકમનો અપાય છે?

(A) રૂ. 1,00,000/-(રૂ.એક લાખ પૂરા)

(B) રૂ. 51,000 (રૂ.એકાવન હજાર પૂરા)

(C) રૂ. 1,51,000/ (રૂ.એક લાખ એકાવન હજાર પૂરા)

(D) રૂ. 2,01,000 (રૂ.બે લાખ એક હજાર પૂરા)

41. પંચાયતી રાજને બtધારણીય દરજ્જો આપતું બિલ કયારે પસાર થયું ?

(A) ઈ.સ 1961

(B) ઈ.સ.1979

(C) ઈ.સ.1992

(D) ઈ.સ.1999

42. PESA શાના માટે ઘડાયો છે?

(A) 73 મો બંધારણીય સુધારો અનુસુચિત–5 ના વિસ્તારોમાં લાગુ પાડવા માટે

(B) આદિવાસી વિસ્તારોમાં પંચાયતો માટે વિશેષ જોગવાઈ કરવા માટે

(C) અનુસુચિત – 5 રદ કરવા માટે

(D) બંધારણની અનુસુચિત – 6 ના વિસ્તારોમાં પંચાયતોની રચના કરવા

43. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય રોજગાર બાંયધરી યોજનામાં સામાજિક અન્વેષણ (ઓડિટ) કોણે કરવાનું હોય છે?

(A) તાલુકા પંચાયત

(B) ગ્રામસભા

(C) ગ્રામ પંચાયત

(D) ગ્રામ પંચાયતની સામાજિક ન્યાય સમિતિ

44. જાહેર હિસાબ સમિતિમાં કેટલા સભ્યો હોય છે?

(A) લોકસભાના 15 અને રાજ્યસભાના 7

(B) લોકસભાના 20 અને રાજ્યસભાના 10

(C) લોકસભાના 45 અને રાજ્યસભાના 15

(D) આમાથી એક પણ નહીં

45. દરેક રાજ્ય રોજગાર બાહેધરી કાઉન્સીલ તેનો વાર્ષિક અહેવાલ તૈયાર કરી ક્યાં રજૂ કરશે?

(A) રાજયના મુખ્યમંત્રીશ્રીને

(B) રાજ્યના રાજ્યપાલશ્રીને

(C) રાજ્યની વિધાનસભામાં

(D) રાજ્યના પંચાયત મંત્રીશ્રીને અને મુખ્ય સચિવશ્રીને

46. ભારતીય બંધારણના કયા ભાગમાં સ્પષ્ટ રીતે ઘોષણા કરવામાં આવી છે કે ભારત ધર્મનિરપેક્ષ રાજ્ય છે?

(A) મૌલિક અધિકારો

(B) બંધારણનું આમુખ

(C) રાજ્યના નીતિ નિર્દેશક તત્વો

(D) બંધારણની 9 મી અનુસૂચિ

47. આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ પોતાના કાર્યો બજાવવાના હેતુ માટે કોની મંજૂરીથી મુકત બઝારમાંથી અથવા અન્યથા નાણાં ઉછીના લઈ શકશે?

(A) રાજ્ય સરકાર

(B) હિસાબો ઓડિટ કરવા નિમાયેલ ઓડીટર

(C) રાજ્ય વિધાન મંડળ

(D) રાજ્ય રાહત કમિશનર

48. નીચેનામાંથી કઈ બાબતોનો બંધારણમાં આપવામાં આવેલી નાગરિકોની મૂળભૂત ફરજોમાં સમાવેશ થતો નથી?

(A) આપણા સંમિશ્રિત સંસ્કૃતિના બહુમુલ્ય વારસાનું મુલ્ય સમજવું, તેની જાળવણી કરવી

(B) વ્યક્તિઓ અથવા રાજ્ય દ્વારા થતાં સમાજના નબળા વર્ગના શોષણને અટકાવું

(C) રાષ્ટ્રના સ્વતંત્રતા સંગ્રામને પ્રેરણા આપનાર ઉમદા આદર્શોને હૃદયમાં અંકિત કરવા અને પાલન કરવું

(D) વૈજ્ઞાનિક અભિગમ, માનવતાવાદ અને સંશોધન તથા સુધારણાની ભાવનાનો વિકાસ કરવો

49. 73માં બંધારણીય સુધારાથી દેશમાં પ્રથમવાર કોને માટે રાજકીય અનામત પ્રથા દાખલ થઈ?

(A) મહિલાઓ

(B) અનુસુચિત જાતિઓ

(C) અનુસુચિત જાનજાતિઓ

(D) ઉપરોક્ત તમામ

50. વન વિભાગ દ્વારા વનદવ બનાવોનું વ્યવસ્થાપન અને અટકાવ તથા વન વિસ્તારના સંરક્ષણની યોજનામાં ફંડિંગ પેટર્ન શું હોય છે?

(A) રાજ્ય હિસ્સો 50% કેન્દ્રિય હિસ્સો 50%

(B) 40% રાજ્ય હિસ્સો 60% કેન્દ્રિય હિસ્સો

(C) 60% રાજ્ય હિસ્સો 40% કેન્દ્રિય હિસ્સો

(D) 100% રાજ્ય યોજના

51. ગ્રામસભામાં ઓછામાં ઓછા કેટલી વ્યક્તિઓની હાજરી અનિવાર્ય છે?

(A) 100

(B) 150

(C) 50

(D) 15

52. બંધારણના 74 માં સુધારા અધિનિયમ 'ભાગ – 9 -ક' થી શાને લગતી જોગવાઈ કરવામાં આવી છે?

(A) પંચાયતો

(B) નગરપાલિકા

(C) ખાનગી ટ્રસ્ટો

(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

53. મનરેગા યોજના હેઠળ એવા લોકો જે સક્ષમ છે અને જેને કામની જરૂર છે તેમને વર્ષમાં કેટલા દિવસો માટે રોજગારી પૂરી પાડવામાં આવે છે?

(A) 365 દિવસ

(B) 300 દિવસ

(C) 100 દિવસ

(D) 200 દિવસ

54. સંસદમાં કોઈ પણ ગૃહના સભ્ય પરવાનગી વિના કેટલા દિવસ ગેરહાજર રહે તો ગૃહની બેઠક ખાલી જાહેર કરી શકાય?

(A) 90 દિવસ

(B) 120 દિવસ

(C) 30 દિવસ

(D) 60 દિવસ

55. ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ દ્વારા રાજ્ય સરકારને રજૂ થતા વાર્ષિક અહેવાલમાં કઈ બાબતો સમાવિષ્ટ થવી જરૂરી નથી?

(A) સત્તા મંડળે વર્ષમાં એકવાર નિયત નમુનામાં વાર્ષિક અહેવાલ રાજ્ય સરકારને મોકલવો

(B) અગાઉના વર્ષની પ્રવૃતિઓનો સાચો અને યોગ્ય વાર્ષિક અહેવાલ આપશે

(C) સત્તા મંડળ દ્વારા આગામી કાર્યોની યોજના જણાવશે

(D) સક્ષમ સત્તાઅધિકારી પાસેથી પુન:નિર્માણ, મરામત સહાયના ખોટા દાવાની વિગતો જણાવશે.

56. મૂળભૂત અધિકારોમાં સુધારા કરવા કોણ સક્ષમ છે?

(A) રાષ્ટ્રપતિ

(B) લોકસભા

(C) સર્વોચ્ચ અદાલત

(D) સંસદ

57. DRR મેનેજમેન્ટનુ પૂર્ણ રૂપ આપો?

(A) Disaster Related Rescuers

(B) Disaster Regional Rank

(C) Disaster Risk Reduction

(D) Disaster Risk Resources

58. બંધારણની ક્યા અનુચ્છેદ અસ્પૃશ્યતા નાબૂદ કરે છે અને તેના આચરણ પર પ્રતિબંધ ફરમાવે છે?

(A) અનુચ્છેદ 19

(B) અનુચ્છેદ 18

(C) અનુચ્છેદ 17

(D) અનુચ્છેદ 16

59. કયા સુધારા અંતર્ગત તાલુકા અને જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખના હોદ્દાની મુદત 5 વર્ષથી ઘટાડી 2.5 વર્ષ કરવામાં આવી ?

(A) ગુજરાત પંચાયત ધારો –1993

(B) ગુજરાત પંચાયત અધિનિયમ સુધારો -2009

(C) ગુજરાત સ્થાનિક સત્તા મંડળ સુધારા કાયદો -2015

(D) ગુજરાત પંચાયત ધારો –1963

60. 100% રાજ્ય પૂરસ્કૃત યોજના 'આપદા મિત્ર' શાના માટે ઘડી કાઢવામાં આવેલ છે?

(A) હોનારત થી અસર પામેલ સમુદાયો તથા સંકલન એજન્સીઓને સહાય માટે

(B) અસરકારક આપત્તિ પ્રતિકાર માટે કૉમ્યુનિટી સ્વયંસેવકોને તાલીમ આપવા માટે

(C) દિવ્યાંગ વ્યકતીને કોઈ યોજનાનો લાભ આપવા માટે મદદરૂપ થવા સહાય આપવી

(D) ટેબલેટ મેળવનાર વિદ્યાર્થીને સહાય અને સ્પર્ધાત્મક પરીક્ષા માટે કોચિંગ

61. જિલ્લા પંચાયતની કઈ સમિતિમાં બે કો-ઓપ્ટ સભ્યો મૂકવા ફરજિયાત છે?

(A) સામાજિક સમિતિ

(B) શિક્ષણ સમિતિ

(C) કારોબારી સમિતિ

(D) અપીલ સમિતિ

62. અશોક મહેતા સમિતિના અહેવાલ (1978) ના સંદર્ભે નીચેના પૈકી કયું/કયા વિધાન સત્ય છે?

1. પંચાયતી રાજની દ્વિસ્તરીય પધ્ધતિ માટે સમિતિએ ભલામણ કરી હતી

2. રાજ્યની નીચે વિકેન્દ્રીકારણ માટેનો પ્રથમ તબક્કો જિલ્લો હોવો જોઈએ

3. જિલ્લા પરિષદ કારોબારી મંડળ હોવી જોઈએ, તે જિલ્લા કક્ષાએ આયોજન માટે જવાબદાર હોવી જોઈએ

નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 2 અને 3

(B) માત્ર 2

(C) માત્ર 1 અને 3

(D) 1 ,2 અને 3

63. ભારત સરકારના કયા કાર્યક્રમોમાં MIS નો ઉપયોગ થાય છે?

1. MNREGA 2. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના

3. રાષ્ટ્રીય ગ્રામીણ આરોગ્ય મિશન 4. રાષ્ટ્રીય ગ્રામીણ પંચ જળ કાર્યક્રમ

ઉપરમાંથી શું સાચું છે?

(A) માત્ર 1, 2, 4

(B) 1, 2, 3 અને 4

(C) માત્ર 1, 3, 4

(D) માત્ર 1, 4

64. "કાયદાની નજરે સૌ સરખા" એવું બંધારણના કયા અનુચ્છેદમાં જણાવેલ છે?

(A) અનુચ્છેદ 18

(B) અનુચ્છેદ 16

(C) અનુચ્છેદ 12

(D) અનુચ્છેદ 14

65. આપત્તિગ્રસ્ત સમુદાયને સહાય કરવાના, સંરક્ષણ આપવાના, રાહત પૂરી પાડવાના, અવ્યવસ્થા અટકાવવાના અને આપત્તિની બીજી વિનાશક અને અન્ય અસરોની તજવીજ કરવાની સત્તા માટે કયા અધિકારી સક્ષમ છે?

(A) સત્તામંડળના ઉપાધ્યક્ષ

(B) જિલ્લા કલેક્ટર

(C) રાજ્ય રાહત કમિશનર

(D) મુખ્ય વહીવટી અધિકારી

66. જો રાષ્ટ્રપતિનો હોદ્દો ખાલી પડે અને ઉપરાષ્ટ્રપતિ પણ ન હોય તો કોણ કાર્યવાહક રાષ્ટ્રપતિ બનશે?

(A) રાજ્યસભાના ઉપસભાપતિ

(B) લોકસભાના અધ્યક્ષ

(C) ભારતનો મહાન્યાયવાદી (એટર્ની જનરલ)

(D) સર્વોચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ

67. ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ 2003 હેઠળ સત્તા મંડળના હિસાબો ઓડિટ કરવા ઓડીટર તરીકે નિમણૂક કોના દ્વારા થશે?

(A) સત્તામંડળના અધ્યક્ષ

(B) સત્તામંડળ

(C) રાજ્યના મુખ્ય સચિવ

(D) રાજ્યના નાણાં મંત્રી

68. રાજ્યસભાના સભ્ય બનવા માટેની યોગ્યતાના સંદર્ભમાં નીચેનામાંથી શું સાચું નથી?

(A) ઓછામાં ઓછી 30 વર્ષની ઉંમર હોવી જોઈએ

(B) ભારતનો નાગરિક હોવો જોઈએ

(C) લોકસભા કે વિધાનસભાનું સભ્યપદ ધરાવતો હોવો જોઈએ

(D) કેન્દ્ર કે રાજ્ય સરકારમાં સવેતન હોદ્દો ધરાવતો હોવો જોઈએ નહીં

69. કઈ સમિતિની ભલામણને આધારે 73 મો બંધારણીય સુધારો કરીને પંચાયતોને બંધારણમાં સ્થાન અપાયું?

(A) જી.વી.કે.રાવ સમિતિ

(B) એલ.એમ.સિંઘવી સમિતિ

(C) રીખવદાસ શાહ સમિતિ

(D) રસિક્લાલ પરિખ સમિતિ

70. કઈ સંસ્થા દ્વારા બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકામાં સજીવ ખેતી દ્વારા 5000 હેકટર જમીનમાં કલસ્ટર બનાવી ખેડૂતો મારફત બટાટા વાવેતરનો વિશાળ પ્રોજેકટ હાથ ધરેલ છે?

(A) જી.એસ.એલ.ડી.સી. દ્વારા

(B) ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લી

(C) કૃષિ યુનિવર્સિટી દાંતીવાડા

(D) ગુજરાત એગ્રીકલ્ચરલ ઓર્ગેનિક યુનિવર્સિટી

71. 74 માં બધારણીય સુધારા અનુસાર પાલિકામાં વોર્ડ સમિતિઓની રચના માટે કેટલી વસ્તી પાલિકામાં હોવી જોઈએ?

(A) ત્રણ લાખ કે તેથી વધુ

(B) બે લાખ કે તેથી વધુ

(C) પાંચ લાખ કે તેથી વધુ

(D) એક લાખ કે તેથી ઓછી

72. 74 મો બંધારણીય સુધારા અન્વયે કઈ અનુસૂચિ હેઠળ પાલિકાઓને કામો સોપવામાં આવ્યા છે?

(A) અનુસૂચિ -11

(B) અનુસૂચિ -12

(C) અનુસૂચિ -7

(D) અનુસૂચિ -5

73. MNREGA નું પૂરૂ નામ શું છે?

(A) Mahatma Gandhi National And Regional Employment Guarantee Agency

(B) Mahatma Gandhi National Rural Employment Guarantee Act

(C) Mahatma Gandhi National Rural Employment Guarantee Agency

(D) Mahatma Gandhi National And Rural Employment Guarantee Authority

74. ભારતના બંધારણ અનુસાર નીચેનામાંથી કયું દેશના શાસન માટે આધારભૂત છે?

(A) મૂળ અધિકાર

(B) મૂળ કર્તવ્ય

(C) રાજ્યનીતિ નિર્દેશક તત્વો

(D) મૂળ અધિકાર, મૂળ ફરજો

75. સત્તામંડળને આપત્તિ વ્યવસ્થાપન ભંડોળ તરીકે ઓળખાતું પોતાનું ભંડોળ રહેશે જે ભંડોળના નાણાં કોની પાસેથી સ્વીકારી શકશે?

1. કેન્દ્ર અથવા રાજ્ય સરકાર 2. સ્થાનિક સત્તામંડળ 3. કોઈ વ્યક્તિ

4. સંસ્થાપિત હોય કે ન હોય તેવા મંડળ પાસેથી ગ્રાન્ટ, આર્થિક સહાય, દાન અને ભેટ

નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1

(B) માત્ર 1 અને 2

(C) માત્ર 1, 2 અને 4

(D) ઉક્ત તમામ

76. સંસદની કઈ સમિતિને "ત્રીજા ગૃહ" નો દરજ્જો આપવામાં આવ્યો છે?

(A) વિશેષાધિકાર સમિતિ

(B) અંદાજ/પાક્કલન સમિતિ

(C) પ્રવર સમિતિ

(D) સંયુક્ત સંસદીય સમિતિ

77. NDRF નું પૂર્ણ રૂપ શું છે?

(A) National Disaster Response Force

(B) National Disaster Risk Front

(C) National Disaster Regional Force

(D) National Disaster Rescues Force

78. 44 માં બંધારણીય સુધારાથી કટોકટીની જાહેરાત સંદર્ભમાં કયો સુધારો થયો?

(A) "આંતરિક અશાંતિ" શબ્દોને બદલે "સશસ્ત્ર બળવો" શબ્દો દાખલ કરાયા

(B) સમગ્ર ભારતમાં કે ભારતના કોઈ ભાગમાં કટોકટી ઘોષણા થઈ શકે તેવી જોગવાઈ કરાઇ

(C) યુદ્ધ શરૂ થાય તે પહેલા કટોકટીની ઘોષણા થઈ શકે તેવી જોગવાઈ કરાઇ

(D) ઉપરોક્ત તમામ

79. ગુજરાતમાં સમરસ ગ્રામ પંચાયત યોજનાનો અમલ કયારથી થયો?

(A) 2001

(B) 1999

(C) 2003

(D) 2004

80. નવા ખાંડના સહકારી કારખાના સ્થાપવા માટે રાજ્ય સરકાર દ્વારા પ્રોજેક્ટ ખર્ચના કેટલા ટકા શેરમૂડી ફાળા તરીકે આપવામાં આવે છે?

(A) પ્રોજેકટ ખર્ચના 30% સુધી

(B) પ્રોજેકટ ખર્ચના 25% સુધી

(C) પ્રોજેકટ ખર્ચના 50% સુધી

(D) પ્રોજેક્ટ ખર્ચના 20% સુધી

81. શહેરી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં શાનો સમાવેશ થાય છે?

1. નગરપાલિકા અને મહાનગર પાલિકા

2. ટાઉન એરિયા કમિટી

3. નોટિફાઇડ એરિયા કમિટી

4. કેન્ટોનમેન્ટ બોર્ડ

નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 1, 2, 3

(B) 1, 2, 3 અને 4

(C) માત્ર 1, 3, 4

(D) માત્ર 1, 2, 4

82. ભારતમાં રહેતા કોઈ બ્રિટિશ નાગરિક કયા અધિકારનો દાવો કરી શકે નહીં?

(A) વેપાર અને વ્યવસાયનું સ્વાતંત્ર્ય

(B) કાયદા સમક્ષ સમાનતા

(C) જીવન અને વ્યક્તિગત સ્વાતંત્ર્યનું રક્ષણ

(D) ધાર્મિક સ્વાતંત્ર્ય

83. મનરેગા માટે ખાસ નિયુક્ત અધિક જિલ્લા કાર્યક્રમ કો-ઓર્ડિનેટર એ જિલ્લાની કામગીરીનો રિપોર્ટ કોને કરવાનો રહે છે?

(A) જિલ્લાપ્રોગ્રામ કો-ઓર્ડિનેટર અને સીઈઓ

(B) સ્ટેટ એમ્પ્લોયમેન્ટ ગેરન્ટી મિશન(એસઇજીએમ)

(C) જિલ્લા સ્તરની તકનીકી સમિતિ

(D) A અને B બંનેને

84. ભારતની સર્વોચ્ચ અદાલતની ન્યાયધીશોની સભ્ય સંખ્યા વધારવાની શક્તિ કોનામાં નિહિત છે?

(A) ભારતના રાષ્ટ્રપતિ

(B) સંસદ

(C) ભારતના મુખ્ય ન્યાયાધીશ

(D) કાયદા પંચ

85. રાજ્ય સરકાર દ્વારા સ્થપાયેલ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન મંડળોમાં કુલ કેટલા સભ્યોની નિયુક્ત કરવામાં આવશે?

(A) અધ્યક્ષ અને 9 થી વધુ નહીં તેટલા અન્ય સભ્યો

(B) અધ્યક્ષ અને 14 કરતાં વધુ ન હોય તેટલા અન્ય સભ્યો

(C) અધ્યક્ષ અને 12 થી વધુ ન હોય તેટલા અન્ય સભ્યો

(D) અધ્યક્ષ અને 5 થી વધુ ન હોય તેટલા અન્ય સભ્યો

86. નીચેનામાંથી કયો વિકલ્પ ભારતના બંધારણની ચોથી અનુસૂચિ સાથે સંબંધિત છે ?

(A) સંઘ અને રાજ્યો વચ્ચે શક્તિઓનું વિતરણ

(B) બંધારણ માન્ય ભાષાઓ

(C) જનજાતિ ક્ષેત્રોનો વહીવટ

(D) રાજ્ય સભામાં બેઠકોની વહેંચણી

87. ભારતની સંસદીય પધ્ધતિ કયા દેશમાંથી લેવામાં આવી છે?

(A) કેનેડા

(B) અમેરિકા

(C) જર્મની

(D) ઈંગ્લેન્ડ

88. કયા અધિકારને બંધારણમાથી મૂળભૂત અધિકારમાંથી દૂર કરવામાં આવ્યો છે?

(A) વ્યવસાયનો અધિકાર

(B) સંપતિનો અધિકાર

(C) વાણીસ્વાતંત્ર્ય અધિકાર

(D) સમાનતાનો અધિકાર

89. ગુજરાતમાં અનુસુચિત વિસ્તારોમાં કઈ ગ્રામ પંચાયતોમાં સરપંચનો હોદ્દો આદિવાસીઓ માટે અનામત નથી?

(A) જ્યાં 25% કરતાં વધારે વસ્તી આદિવાસી હોય

(B) જ્યાં 50% કરતાં વધારે વસ્તી બિન-આદિવાસી હોય

(C) જ્યાં 60% કરતાં વધારે વસ્તી બિન- આદિવાસી હોય

(D) જ્યાં 75%કરતાં વધારે વસ્તી બિન- આદિવાસી હોય

90. "મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ" (જ્ઞાનકુટીર)પ્રોજેકટ અંતગર્ત વર્ષ ૨૦૨૨-૨૩ના આયોજન અન્વયે રૂ.1131.00 કરોડના પ્રોજેકટ કયી બાહ્ય નાણાકીય સંસ્થા દ્વારા મંજૂર કરવામાં આવેલ છે?

(A) વર્લ્ડ બેંક(IBRD)

(B) એ.ડી.બી

(C) વર્લ્ડ બેંક અને AIIB

(D) જાપાન ઇન્ટરનેશનલ કો-ઓપરેશન એજન્સી

91. મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટી (સ્થાયી સમિતિ) માં કેટલા નગરસેવકો હોય છે?

(A) 20

(B) 15

(C) 12

(D) 21

92. પ્રવર સમિતિ કોની બનેલી હોય છે?

(A) માત્ર લોકસભાના સભ્યો

(B) માત્ર રાજ્ય સભાના સભ્યો

(C) સંસદના બન્ને ગૃહના નિષ્ણાત સભ્યો

(D) વિધાનસભા અને વિધાન પરિષદના સભ્યો

93. મનરેગા યોજનાના સફળ અમલીકરણ માટે ગ્રામપંચાયતો માટે કલસ્ટર ફેસિલિટેશન ટિમ (FT) ની રચનામાં નીચેના પૈકી કયા ક્ષેત્રના તજજ્ઞનો સમાવેશ થશે?

1. કૃષિ અને તેની સાથે સંબધિત પ્રવૃતિઓ માટે

2. સમુદાયને એકત્ર કરીને કામે લગાડવા (કૉમ્યુનિટી મોબીલાઈઝેશન)

3. જમીન અને ભેજનું સંરક્ષણ

4. એમ આઈ એસ અને આઈ સી ટી

નીચેનામાંથી સાચો વિકલ્પ પસંદ કરો.

(A) માત્ર 4

(B) માત્ર 1, 2 અને 3

(C) 1, 2, 3 અને 4

(D) માત્ર 1 અને 4

94. "ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતાની રક્ષા કરવી અને તેનું સમર્થન કરવું" આ જોગવાઈ ક્યાં કરવામાં આવી છે?

(A) બંધારણનું આમુખ

(B) રાજ્યના નીતિનિર્દેશક તત્વો

(C) મૂળભૂત અધિકાર

(D) મૂળભૂત ફરજો

95. સત્તામંડળ દ્વારા સંભવિત આપત્તિઓ અંગે પગલાં લેવા માટે સમુદાય અને મધ્યસ્થ વ્યક્તિઓની સજ્જતા અને જાગૃતિ લાવવા ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમની કઈ કલમ હેઠળ જોગવાઈ કરવામાં આવેલ છે?

(A) કલમ 15(1) થી (3)

(B) કલમ 16(1)

(C) કલમ 13(1) થી (3)

(D) કલમ 17(1) થી (3)

96. કઈ અનુસૂચિ હેઠળ બંધારણમાં પંચાયતોને કામો સોંપવામાં આવ્યાં છે ?

(A) અનુસૂચિ-8

(B) અનુસૂચિ-9

(C) અનુસૂચિ-11

(D) અનુસૂચિ-12

97. 26મી જાન્યુઆરી 2001 ના ધરતીકંપ પછી તુરતજ "ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી" ની સ્થાપના 'સોસાયટી' તરીકે કયા કાયદા હેઠળ થયેલ હતી?

(A) સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ

(B) ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ

(C) ઉકત A અને B બંને

(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

98. બંધારણીય જોગવાઈ પ્રમાણે ભારતના કોઈ પણ રાજ્યની વિધાનસભાના સભ્યોની સંખ્યા કેટલી હોવી જોઈએ?

(A) 400 થી વધારે નહીં

(B) 200 થી વધારે નહીં

(C) 100 થી વધારે નહીં

(D) 500 થી વધારે નહીં

99. સામાજિક ન્યાય સમિતિઓની સ્થાપના કરવાની ભલામણ કઈ સમિતિએ કરી હતી?

(A) રીખવદાસ શાહ સમિતિ

(B) ઝીણાભાઈ દરજી સમિતિ

(C) બળવંતરાય મહેતા સમિતિ

(D) અશોક મહેતા સમિતિ

100. સહકારી ધિરાણ માળખા અંતગર્ત રાજ્યના ખેડૂતોને સહકારી મંડળીઓ દ્વારા મંજૂર થતું ટૂંકી મુદતનું પાક ધિરાણ સમયસર પરત ભરતા ખેડૂતોને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા અનુક્રમે કેટલા ટકા વ્યાજ સહાય આપવામાં આવે છે?

(A) 4% અને 3%

(B) 3% અને 2%

(C) 3% અને 4%

(D) 3½% અને 3½%

---